અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ માર્ચ ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ સુદ દસમ | અંક : ૨૨૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## લોકસભાની ચૂંટણી પહેલાં પંચની કડક કાર્યવાહી

# ગુજરાત સહિત છ રાજ્યોના ગૃહ સચિવોને હટાવવા પંચનો આદેશ

### ચૂંટણી પંચ દ્વારા જે ૬ રાજ્યોના સચિવને હટાવાયા છે, તેમાં ગુજરાત, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, હિમાચલ પ્રદેશ સામેલ છે

। નવી દિલ્હી, તા.૧૮ ।

લોકસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચે કડક કાર્યવાહી કરી ૬ રાજ્યોના ગૃહ સચિવોને હટાવવાનો આદેશ કર્યો હોવાના અહેવાલો સામે આવ્યા છે. ચૂંટણી પંચે જે ૬ રાજ્યોના સચિવને હટાવ્યા છે, તેમાં ગુજરાત, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, હિમાચલ પ્રદેશ સામેલ છે. પંચે પશ્ચિમ બંગાળના ડીજીપીને પણ હટાવવાનો આદેશ આપ્યો છે. ચૂંટણી પંચે કહ્યું કે, નિષ્ફળ ચૂંટણી યોજવા તેમજ ચૂંટણીમાં સમાન તકોને ધ્યાને રાખી આ કાર્યવાહી કરવામાં આવી છે. ચૂંટણી પંચની કડક કાર્યવાહીથી સંદેશ મળી રહ્યો છે કે, લોકસભા ચૂંટણી ૨૦૨૪નું આયોજન સમાન સ્તરે કરવામાં આવશે. ચૂંટણી પંચે જે છ રાજ્યોના સચિવને હટાવવાનો આદેશ આપ્યો છે, તેમાં ગુજરાતના ગૃહ સચિવ પંકજ જોશી, ઉત્તરાખંડના શૈલેશ બૌલી, ઉત્તર પ્રદેશના સંજય પ્રસાદ, બિહારના સેન્થિલ કુમાર, ઝારખંડના અવિનાશ કુમાર, હિમાચલ પ્રદેશના ડૉ.અભિષેક જૈન સામેલ છે. જ્યારે પશ્ચિમ બંગાળના ડીજીપી રાજીવ કુમારને પણ હટાવવા આદેશ અપાયો છે. આ ઉપરાંત ચૂંટણી પંચે તમામ રાજ્ય સરકારોને આદેશ આપ્યો છે કે, તેઓ ચૂંટણી સંબંધિત કામ સાથે જોડાયેલા એવા અધિકારીઓની બદલી કરવી જોઈએ જેમણે ત્રણ વર્ષ પૂરા કર્યા હોય અથવા તેમના ગૃહ જિલ્લામાં હોય. ઉલ્લેખનિય છે કે, ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના ડીજીપીને ૨૦૧૬માં રાજ્યની વિધાનસભા ચૂંટણી અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમિયાન ચૂંટણી ડ્યુટી પરથી હટાવી દીધા હતા. ત્યારે ચૂંટણી પંચે ૨૦૨૪ની ચૂંટણીને ધ્યાને રાખી ફરી બંગાળના ડીજીપીને હટાવવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કમિશનર ઈકબાલ સિંહ ચહલની સાથે એડિશનલ કમિશનર અને ડેપ્યુટી કમિશનરને પણ હટાવી દેવાયા છે. આ ઉપરાંત મિઝોરમ અને હિમાચલ પ્રદેશના જીએડી સેક્રેટરીને પણ હટાવી દેવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળ સરકારે નવા ડીજીપી માટે ત્રણ નામની ભલામણ કરી છે, જેમાં સંજય મુખરજી, રણવીર કુમાર અને ડૉ.રાજેશ કુમાર સામેલ છે. આ ત્રણેમાંથી કોઈ એક બંગાળના નવા ડીજીપી બની શકે છે. ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચે શનિવારે ૧૬ માર્ચે દેશમાં લોકસભાની ચૂંટણીઓની તારીખો જાહેર કરવા ઉપરાંત કેટલાક રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ અને પેટા-ચૂંટણીની પણ તારીખનો કાર્યક્રમ જાહેર કરી છે.






### આ વખતની ચૂંટણીમાં દેશમાં કુલ ૯૬.૮૮ કરોડ મતદારો રજિસ્ટર્ડ થયા છે

દેશમાં લોકસભા ચૂંટણી માટે ૧૯ એપ્રિલથી શરૂ થનાર મતદાન કુલ સાત તબક્કમાં યોજાશે, જ્યારે ચાર જૂને પરિણામ જાહેર કરાશે. આ ઉપરાંત ચાર રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી પણ યોજાવાની છે, તેમાં આંધ્રપ્રદેશમાં ૧૩ મે, સિક્કમ અને અરૂણાચલ પ્રદેશમાં ૧૯ એપ્રિલે, જ્યારે ઓડિશામાં ચાર તબક્કામાં ૧૩ મે, ૨૦ મે, ૨૫ મે અને પહેલી જૂને મતદાન યોજાશે. જ્યારે ગુજરાતમાં પાંચ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી પણ ૭ મેના રોજ જ મતદાન થશે. આ વખતની ચૂંટણીમાં દેશમાં કુલ ૯૬.૮૮ કરોડ મતદારો રજિસ્ટર્ડ થયા છે. ચૂંટણી પંચે આ તમામ ચૂંટણીઓનું પરિણામ ચાર જૂને જાહેર કરવાનો નિર્ણય લીધો હતો, જેકે પંચે સિક્કમ અને અરૂણાચલ પ્રદેશની તારીખોમાં ફેરફાર કરી પરિણામ બીજી જૂનો જાહેર કરવાનો નિર્ણય કર્યો છે.

## ન્યૂઝ બ્રિફ

### તેલંગણાના રાજ્યપાલ સમિલિસાઈ સુંદરરાજનનું આખરે રાજીનામું



। (એજન્સી) હૈદરાબાદ, તા.૧૮ ।

તેલંગાણાના રાજ્યપાલ તમિલિસાઈ સુંદરરાજને પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. આ સાથે તેમણે પુડુચેરીના ઉપરાજ્યપાલનું પદ પણ છોડી દીધું છે. ત્યારે એવું માનવામાં આવે છે કે તમિલિસાઈ સુંદરરાજન ફરી એકવાર લોકસભા ચૂંટણી લડી શકે છે. તમિલિસાઈ સુંદરરાજનને નવેમ્બર ૨૦૧૯માં તેલંગાણાના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવ્યા હતા. આ પછી તેમને ફેબ્રુઆરી ૨૦૨૧માં પુડુચેરીના ઉપરાજ્યપાલનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો હતો.અહેવાલો અનુસાર, તમિલિસાઈ સુંદરરાજન આ વખતે ભાજપની ટિકિટ પર તમિલનાડુથી લોકસભા ચૂંટણી લડી શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે ભાજપ તેમને ડીએમકે નેતા કનિમોઝી સામે પણ મેદાનમાં ઉતારી શકે છે. સુંદરરાજન ૨૦૧૯ની ચૂંટણી લડ્યા હતા.

### બિહારમાં ભાજપ ૧૭, JDU ૧૬ બેઠકો ઉપર લડશે ચૂંટણી

। (એજન્સી) પટણા, તા.૧૮ ।

બિહારમાં લોકસભાની ચૂંટણી માટે એનડીએમાં બેઠકોનું વિભાજન કરવામાં આવ્યું છે. ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) પાંચ બેઠકો પર ચૂંટણી લડશે. ભાજપના બિહારના પ્રભારી વિનોદ તાવડેએ એનડીએના નેતાઓ સાથે પત્રકાર પરિષદમાં એનડીએ ગઠબંધનની તમામ બેઠકોની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે ફોર્મ્યુલા પર ચર્ચા થઈ હતી અને એનડીએ ગઠબંધનમાં તમામ પક્ષોએ તેનો સ્વીકાર કર્યો છે. ફોર્મ્યુલા મુજબ ભાજપ ૧૭ બેઠકો પર જ્યારે જેડીયુ ૧૬ બેઠકો પર ચૂંટણી લડશે. તે જ સમયે, ચિરાગ પાસવાનની પાર્ટીને ૫ બેઠકો, માંઝીની પાર્ટી હિન્દુસ્તાની અવામ મોર્ચા (એચએએમ) ને ૧ બેઠક અને ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટીને ૧ બેઠક આપવામાં આવી છે. ચિરાગ પાસવાનની પાર્ટીના નેતા રાજુ તિવારીએ કહ્યું, "ભાજપના ટોચના નેતૃત્વ સાથે વાતચીત બાદ અમને પાંચ બેઠકો મળી છે.

## ચૂંટણી બોન્ડ કેસમાં સિનિયર એડવોકેટને ફટકાર

# ચૂંટણી બોન્ડ પરના ચુકાદાની સમીક્ષાની માગ કરનારા એડવોકેટને ચંદ્રચૂડે ફટકાર લગાવી

### પબ્લિસિટી માટે આ પત્ર લખ્યો છે, અમે તેના પર ધ્યાન જ આપવા નથી માગતા, મને વધારે કહેવા માટે મજબૂર ના કરશો : ચંદ્રચૂડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ચૂંટણી બોન્ડ કેસમાં સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) ડી.વાય.ચંદ્રચૂડે એક સિનિયર એડવોકેટ (વરિષ્ઠ વકીલ)ને જોરદાર ફટકાર લગાવી હતી. અહેવાલ અનુસાર વકીલે બોન્ડ મામલે કોર્ટના ચુકાદાની સુઓ મોટો રિવ્યૂ કરવાની માગ કરી હતી. ઉલ્લેખનીય છે કે ટોચની કોર્ટે સોમવારે એસબીઆઈને ફટકાર લગાવતાં ૨૧ માર્ચ સુધીમાં ચૂંટણી બોન્ડને લગતી તમામ વિગતો જાહેર કરી દેવા આદેશ આપ્યો છે. અહેવાલ અનુસાર એડવોકેટ અને સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના (એસસીબીએ) અધ્યક્ષ



અદીશ અગ્રવાલે ચૂંટણી બોન્ડને ગેરકાયદે જાહેર કરવાના ચુકાદાની સમીક્ષા કરવાની માગ કરી હતી. આ મામલે સીજેઆઈએ કહ્યું કે વરિષ્ઠ વકીલ હોવા ઉપરાંત તમે એસસીબીએના અધ્યક્ષ પણ છો. તમે પબ્લિસિટી માટે આ પત્ર લખ્યો છે. અમે તેના પર ધ્યાન જ આપવા નથી માગતા. મને વધારે કહેવા માટે મજબૂર ના કરશો. તમને પછી સાંભળવામાં મજા નહીં આવે. ખાસ વાત એ છે કે સોલિસીટર જનરલ તુષાર મહેતા પણ એડવોકેટ અગ્રવાલની માગથી અંતર જાળવતા દેખાયા હતા. તેમણે કહ્યું કે અમે તેમનું સમર્થન નથી કરતાં. જોકે આ પહેલીવાર નથી. અગાઉ પણ અગ્રવાલે ચૂંટણી બોન્ડ કેસમાં સુપ્રીમકોર્ટના ચુકાદા અંગે રાષ્ટ્રપતિ મુર્મૂને પત્ર લખ્યો હતો. અહીં સુપ્રીમકોર્ટ બાર એસોસિએશને પણ તેમના વિચારોથી અંતર જાળવી લીધું હતું અને કહ્યું હતું કે પેનલના સભ્યોએ રાષ્ટ્રપતિને પત્ર લખવા માટે અગ્રવાલને કોઈ ઓથોરિટી નથી આપી.

## ઈલેક્ટ્રોલ બોન્ડને લઈને સુપ્રીમનું આકરૂં વલણ

# ચૂંટણી બોન્ડની તમામ વિગતો જાહેર કરવા એસબીઆઈને સુપ્રીમની સુચના

### કોઈપણ વિગતો પસંદગી આધારિત ન હોવી જોઇએ, તમે કોર્ટના આદેશની રાહ કેમ જોઈ રહ્યા છો : સુપ્રીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

સુપ્રીમકોર્ટે એસબીઆઈને કહ્યું છે કે ઈલેક્ટોરલ બોન્ડ (ચૂંટણી બોન્ડ) સંબંધિત તમામ જાણકારી શેર કરવામાં આવી. કંઇ પણ છુપાવવાની જરૂર જ નથી. કોર્ટે એસબીઆઈને ચૂંટણી બોન્ડની વિગતો અને યુનિક નંબર જાહેર કરવા માટે સોમવાર સુધીનો જ સમય આપ્યો હતો. આ દરમિયાન સુનાવણી વખતે સીજેઆઈએ એસબીઆઈને ફટકાર લગાવતાં કહ્યું કે તમે અત્યાર સુધી જાણકારી શેર કેમ નથી કરી? સીજેઆઈ ચંદ્રચૂડે કહ્યું કે અમે ચુકાદામાં સ્પષ્ટ કહ્યું હતું કે તમામ વિગતોનો ખુલાસો કરવામાં આવે. કોઈપણ વિગતો પસંદગી આધારિત ન હોવી જોઈએ. તમે કોર્ટના આદેશની રાહ કેમ જોઈ રહ્યા છો? એસબીઆઈએ અત્યાર સુધી પૂરી વિગતો જાહેર જ નથી કરી. એસબીઆઈ અમારા આદેશનું પાલન કરવા બંધાયેલ છે.

આ દરમિયાન એસબીઆઈ વતી હાજર સિનિયર વકીલ હરીશ સાલ્વેએ કહ્યું કે કૃપા કરીને અમને સમજાવવાની તક આપો કે તેમણે આદેશને કઈ રીતે સમજ્યો છે. તેના પર સીજેઆઈએ કહ્યું કે ચૂંટણી બોન્ડ સંબંધિત તમામ વિગતો જાહેર કરો, તમારી પાસે જે કોઈ વિગત છે તે જાહેર કરો, બસ. ચૂંટણી બોન્ડ મામલે સુનાવણી પૂરી કરતાં સુપ્રીમકોર્ટે એસબીઆઈને તમામ વિગતો જાહેર કરવા માટે ૨૧ માર્ચ સુધીનો સમય આપ્યો હતો.

## બિહારના ખગડિયામાં ભીષણ માર્ગ અકસ્માત

# બિહારમાં જાનૈયા ભરી કાર ટ્રેક્ટર સાથે ટકરાતાં ૭નાં મોત

### જાનૈયા લગ્ન સમારોહમાં સામેલ થયા બાદ પાછા આવી રહ્યા હતા ત્યારે હાઈવે નંબર ૩૧ પર અકસ્માત સર્જાયો

। (એજન્સી)પટણા, તા.૧૮ ।

બિહારના ખગડિયામાં એક ભીષણ માર્ગ અકસ્માતમાં ૭ લોકોના મોત થયાના અહેવાલથી ચકચાર મચી જવા પામી છે. માહિતી અનુસાર જાનૈયાઓથી ભરેલી એક કાર અને ટ્રેક્ટર વચ્ચે ભીષણ અકસ્માત સર્જાયો હતો જેમાં કારમાં સવાર ૩ બાળકો સહિત



કુલ ૭ લોકો મૃત્યુ પામી ગયા હતા. માહિતી મુજબ કારમાં સવાર જાનૈયા એક લગ્ન સમારોહમાં સામેલ થયા બાદ પાછા આવી રહ્યા હતા અને આ દરમિયાન નેશનલ હાઈવે નંબર ૩૧ પર આ ગોઝારો અકસ્માત સર્જાયો હતો. દુર્ઘટનામાં અન્ય ૪ લોકો ઘાયલ થયા છે. ઘટનાની જાણકારી મળતાં જ પોલીસ અને અન્ય અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઘાયલોને બચાવવાનો પ્રયાસ કર્યો હતો.

# વ્લાદિમીર પુતિન પાંચમી વખત રશિયાના રાષ્ટ્રપતિ બન્યા

। (એજન્સી) મોસ્કો, તા.૧૮ ।

રશિયામાં રવિવારે યોજાયેલી રાષ્ટ્રપતિ પદ માટે એકતરફી ચૂંટણીના પ્રારંભિક વલણો અનુસાર લગભગ ૨૫ વર્ષથી સત્તા પર રહેલા રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને ૮૮ ટકા મત મળ્યા છે.

રશિયાના સેન્ટ્રલ ઈલેક્શન કમિશનના જણાવ્યા અનુસાર, મતદાન બંધ થયા પછી ૨૪ ટકા વિસ્તારમાં મત ગણતરીના પ્રારંભિક વલણો દર્શાવે છે કે લગભગ ૮૮ ટકા મત પુતિનના સમર્થનમાં પડ્યા હતા. ટીકાકારોના મતે, રશિયાની ચૂંટણીઓએ મતદારોને નિરંકુશ શાસકનો કોઈ વાસ્તવિક વિકલ્પ આપ્યો નથી. રશિયાની ત્રણ-દિવસીય પ્રમુખપદની ચૂંટણી શુક્રવારના



રોજ ચુસ્તપણે નિયંત્રિત વાતાવરણમાં શરૂ થઈ હતી, જેમાં પુતિનની કોઈ જાહેર ટીકા અથવા યુક્રેન સાથેના તેમના યુદ્ધને મંજૂરી આપવામાં આવી ન હતી. પુતિનના સૌથી કંઠ્ય રાજકીય વિરોધી, એલેક્સી નેવલની, ગયા મહિને આર્કટિક જેલમાં મૃત્યુ પામ્યા હતા, અને તેમના અન્ય ટીકાકારો કાં તો જેલમાં અથવા દેશનિકાલમાં છે. પુતિન ક્રેમલિન-મૈત્રીપૂર્ણ પક્ષોના ત્રણ પ્રતિસ્પર્ધીઓનો સામનો કરે છે જેમણે તેમના ૨૪-વર્ષના શાસન અથવા બે વર્ષ પહેલાં યુક્રેન પરના તેમના આક્રમણની કોઈપણ ટીકા કરવાનું ટાળ્યું છે. તેમણે ચૂંટણી પહેલા યુદ્ધના મેદાનમાં રશિયાની સફળતાઓને ગણાવી હતી, પરંતુ રવિવારની શરૂઆતમાં સમગ્ર રશિયામાં મોટા પાયે યુક્રેનિયન ડ્રોન હડતાલ મોસ્કો સામેના પડકારોની યાદ અપાવે છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે તેણે ૩૫ યુક્રેનિયન ડ્રોનને રાતોરાત તોડી પાડ્યા હતા, જેમાંથી ચારને રશિયાની રાજધાની મોસ્કો નજીક તોડી પાડવામાં આવ્યા હતા.



### રેલવે ડીઆરએમ ના પીઆરઓ દ્વારા આ

# અસારવાથી ઇંદોર જતી રેલવે ટ્રેનને મંગળવારથી રદ કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

હિંમતનગર થઈને અસારવાથી ઈન્દોર જતી ટ્રેનને રદ કરવાની જાણકારી સામે આવી છે. અમદાવાદ રેલવે ડીઆરએમ ના પીઆરઓ દ્વારા આ અંગેની વિગતો જારી કરવામા આવી છે. જે મુજબ આગામી મંગળવારથી અસારવા થી ઈંદોર જતી ટ્રેનને રદ કરવામાં આવી છે. ઉજ્જૈન જતા શ્રદ્ધાળુઓનો ટ્રેનમાં મોટો ધસારો રહેતો હોય છે. જોકે હવે ઉજ્જૈન જતા શ્રદ્ધાળુઓને માટે કેટલાક દિવસ માટે અગવડતા વેઠવી પડશે. રેલવે માટે આ માટે જ અગાઉથી જાણકારી રેલવે પ્રવાસીઓને ધ્યાને રાખીને જારી કરી છે. જેથી પ્રવાસીઓને રેલવેની મુસાફરીનું પ્લાનીંગ કરવામાં અગવડતા ના પડે.અસારવાથી ઉપડતી ઈન્દોર ટ્રેન આગામી મંગળવારથી ત્રણ દિવસ માટે રદ કરવામાં આવી છે. પીઆરઓ દ્વારા જારી કરવામાં આવેલ વિગતોનુસાર રતલામ ડિવિઝનમાં આવતા ઘોસવાસ અને નામલી રેલવે સ્ટેશન વચ્ચે રેલવે ટ્રેક ડબલિંગનું કાર્ય ચાલી રહ્યું છે. જેને લઈ પ્રસ્તાવિક બ્લોકને કારણે અસારવાથી ઉપડતી ઈન્દોર ટ્રેનને ત્રણ દિવસ માટે રદ કરવામાં આવી છે.આમ આગામી મંગળવાર, બુધવાર અને ગુરુવારે ઈંદોર માટે જતી અને આવતી ટ્રેન રદ કરાઈ છે. આમ ૧૯ માર્ચથી ૨૧ માર્ચ દરમિયાન ત્રણ દિવસ માટે અસારવાથી ઈન્દોર આવતી અને જતી એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે. હિંમતનગર અને શામળાજી થઈને ખાસ ટ્રેન ઉદયપુરથીબાંદ્રાવચ્ચેટ્રેનદોડનારીછે.હોળીનેલઈબેવિશેષટ્રેનનું આયોજન કરવામાં આવ્યુ છે. જે મુંબઈના બાંદ્રાથી ઉપડશે અને ઉદયપુર પહોંચશે. આગામી ગુરુવારે એટલે કે ૨૧, માર્ચે પ્રથમ સ્પેશિયલ ટ્રેન બાંદ્રા ટર્મિનસથી સાંજે પાંચ વાગ્યેને પાંચ મિનિટે ઉપડશે. જે બીજે દિવસે સવારે ૮.૪૦ વાગ્યે ઉદયપુર પહોંચશે. જ્યારે આવી જ રીતે બીજી સ્પેશિયલ ટ્રેન ઉદયપુરથી હોળીના તહેવાર બાદ ૨૭, માર્ચે રાત્રે ૧૧.૦૦ કલાકે ઉપડશે. જે બીજા દિવસે બપોરે ૨.૩૦ વાગ્યે બાંદ્રા પહોંચશે. આ વિશેષ ટ્રેનમાં ૩-ટાયર એસી, સ્લીપર ક્લાસ અને જનરલ તથા સેકન્ડ ક્લાસ કોચ સામેલ હશે. હોળીના તહેવારો માટે દોડાવનારી સ્પેશિયલ ટ્રેન બોરીવલી, દહાણુ રોડ, વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા, નડિયાદ, અમદાવાદ, હિંમતનગર, શામળાજી રોડ, ડુંગરપુર, સેમરી, જયસમંદ રોડ અને ઝવેર સ્ટેશન પર રોકાશે.

### ઘરઘાટી ૧૪.૫૫ લાખની મત્તાની ચોરી કરી ફરાર

# એનઆરઆઇના મકાનમાં ઘરઘાટી ચોરી કરીને ફરાર

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

આનંદનગરમાં રહેતા એનઆરઆઈ દંપતિના મકાનમાં ઘરઘાટી હાથફેરો કરી ભાગી ગયો હતો. રાજસ્થાન ડુંગરપુરનો ઘરઘાટી સોના ચાંદીના દાગીના અને ૧૧ લાખથી વધુની રોકડ મળી કુલ ૧૪.૫૫ લાખની મત્તા લઈ ભાગી ગયો હતો. આ અંગે આનંદનગર પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

શહેરના સેટેલાઈટ રેડીયો મિર્ચી રોડ પર સાપ ૨ના એપાર્ટમેન્ટમાં લત્તાબેન પટેલ(ઉ.૫૬) પરિવાર સાથે રહે છે.લત્તાબેન અને તેમના પતિ જગદીશભાઈ યુએસએના સીટીજન છે અને અમદાવાદ ખાતે આવતા જતા રહે છે. ગત ૧૧મી જાન્યુઆરીના રોજ યુએસથી અમદાવાદ આવ્યા હતા. ફેબ્રુઆરી મહિનાથી ઘરઘાટી તરીકે રાજસ્થાન ડુંગરપુરના મનોજ શંકરલાલ ડામોરને રાખ્યો હતો. તે ઘરે જ રહેતો અને કામ કરતો હતો. ૧૬ માર્ચના રોજ ઘરે લત્તાબેનની બહેન ભાવના અને ઘરઘાટી હાજર હતા.

દરમિયાનમાં ભાવનાબેન જીમમાં ગયા હતા. બાદમાં ઘરે આવીને જોયું તો ઘરઘાટી મનોજ હાજર ન હતો. તેના મોબાઈલ પર કોલ કરતા તે પણ બંધ આવતો હતો. જેથી પરિવારના સભ્યોએ ઘરના બેડરુમમાં રાખેલા પૈસા અને દાગીનાની તપાસ કરી હતી. બાદમાં અન્ય લોકરમાંને તપાસ કરતા તેમાં પૈસા અને દાગીના તમામ ગુમ હતા. રોકડ ૧૧.૭૫ લાખ પણ ન હતી. આ ઘટના અંગે પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘરઘાટી સામે ગુનો નોધ્યો હતો. ઘરઘાટી કુલ ૧૪.૫૫ લાખના દાગીના અને રોકડ મળી ચોરી કરી ગયો હતો.

### ફરિયાદી-આરોપી વકીલ હોવા છતા કોઇએ જાણ ન કરી

# સાણંદ વકીલના અપહરણનો મામલો બાર કાઉન્સિલને ગેરમાર્ગે દોરાઇ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

સાણંદમાં વકીલના અપહરણ અને માર મારવા મામલે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને ગેરમાર્ગે દોરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ફરિયાદી અને આરોપી બંને વકીલ હોવા છતા બાર કાઉન્સિલને ભોગ બનનાર જ વકીલ હોવાનું કહેવામાં આવ્યું હતું. જેથી સમગ્ર મામલે બાર કાઉન્સિલે આઈજીપી સહિતના અધિકારીઓને પગલાં લેવા કરેલ રજૂઆત ભૂલ ભરેલી હોવાનું વકીલ આલમમાં ચર્ચાઇ રહ્યું છે.

થોડા દિવસો અગાઉ સાણંદ બાર એસોસીએશનના પ્રમુખ મહેશભાઈ પટેલેનું અપહરણ કરી લુંટ થઈ હોવાની ફરીયાદ સાણંદના જાણિતા એડવોકેટ અને સામાજિક આગેવાન ગૌતમભાઈ રાવલના વિરુધ્ધમા સાણંદ પોલીસ સ્ટેશનમાં કરેલ છે. ત્યારબાદ આ મામલે બાર કાઉન્સિલને ફક્ત મહેશભાઈ પટેલ વકીલ હોવાની જાણ કરતા બાર કાઉન્સિલે વકીલનો પક્ષ લઈ આઈજીપી સહિતની જગ્યાએ રજૂઆત કરી હતી. પરંતુ આ મામલે ગૌતમભાઈ રાવલને જાણ થતા તેમણે આ અંગે જુદી જુદી જગ્યાએ રજૂઆત કરી હતી. જેના પગલે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા તેમજ સંસ્થાના લીગલસેલ દિનેશભાઈ રાવલ, નવીનભાઈ સેવક, આશિષ મહેતા બાર કાઉન્સિલ ઓફ ગુજરાત, મુખ્યમંત્રી સહિતની જગ્યાએ પત્ર લખ્યો છે જેમાં એવી રજૂઆત કરી છે કે, ફરીયાદી મહેશભાઈ પટેલ તેમજ આરોપી ગૌતમભાઈ રાવલ કે જેઓ પોતે પણ એડવોકેટ છે તે બંને જમીનના વ્યવસાયમાં ભાગીદાર છે. આજે પણ હજી કેટલીક જમીન મહેશ પટેલ અને ગૌતમભાઈ રાવલના સંયુક્ત નામે આવેલી જ છે. આ જમીન મામલે જ તકરાર થઈ હતી અને પછી ખોટી ફરિયાદ કરી બાર કાઉન્સિલને ગેરમાર્ગે દોરવામાં આવ્યું છે. બીજી તરફ સાણંદ બાર એસોએ પણ આ મામલે મિટિંગ યોજી હતી અને બન્ને એડવોકેટને સમાધાન કરવા અનુરોધ કર્યો હતો.

# પેટીએમએ લારી ચલાવનારને હવે ચૂકવવું પડશે વળતર

### ગાંધીનગર ગ્રાહક કોર્ટે ગ્રાહકની તરફેમમાં ચુકાદો આપ્યો છે અને તેને ૨૦૦૦ રૂપિયાનું વળતર ચૂકવવા Paytmને જણાવ્યું છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

Paytmની અત્યારે માઠી બેઠી હોય તેમ લાગે છે. રિઝર્વ બેંકના આકરા પગલાંના કારણે પેટીએમને ફટકો પડ્યો જ છે. હવે એક ગ્રાહકની ફરિયાદમાં પણ કોર્ટે પેટીએમ વિરુદ્ધ ચુકાદો આપ્યો છે અને વળતર ચૂકવવા કહ્યું છે. ગાંધીનગરમાં સોડાની રેંકડી ચલાવનાર અને છુટક મજુરીનું કામ કરનાર એક વ્યક્તિએ Paytm દ્વારા હેરાનગતિ સહન કરવી પડી છે. Paytmએ તેના બિઝનેસ અને ટેક્સના પૂરાવા માગ્યા હતા અને સાવ નાનકડી રકમ અટકાવી રાખી હતી. તેના કારણે તે વ્યક્તિ ગ્રાહક કોર્ટમાં ગઈ હતી. ગાંધીનગર ગ્રાહક કોર્ટે ગ્રાહકની તરફેમમાં ચુકાદો આપ્યો છે અને તેને ૨૦૦૦ રૂપિયાનું વળતર ચૂકવવા Paytmને જણાવ્યું છે.




આ કેસની વિગત પ્રમાણે ગાંધીનગરના GIDC પ્લોટમાં રહેતા અરવિંદ પટણી એક સોડાની લારી ચલાવે છે અને છુટક મજૂર તરીકે કામ કરે છે. Paytm એજન્ટે તેને એક મર્ચન્ટ એકાઉન્ટ ખોલાવી આપ્યું હતું જેથી તેના ગ્રાહકો સરળતાથી ડિજિટલ પેમેન્ટ કરી શકે. એક વખત અરવિંદ પટણીના માલિકે તેના Paytm ખાતામાં ૧૧,૭૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા, પરંતુ પટણીના ખાતામાં માત્ર ૬,૨૧૮ રૂપિયા જમા થયા. બાકીની રકમ ખાતામાં કેમ ન આવી તેના વિશે ઈક્વાયરી કરતા પેટીએમે કહ્યું કે આ રકમ હોલ્ડ કરવામાં આવી છે અને તેને રિલિઝ કરાવવી હોય તો તેણે પોતાના બિઝનેસ અને ટેક્સની ચૂકવણીના પૂરાવા આપવા પડશે. અરવિંદ પટણીએ Paytmને જણાવ્યું કે તે કોઈ બિઝનેસમેન નથી. તે માત્ર સોડાની લારી ચલાવે છે અને છુટક મજૂરીનું કામ કરે છે. જોકે, Paytm તેની વાત માનવા તૈયાર ન હતી. તેથી પટણીએ પોતાની રેંકડી અને પોતે જ્યાં કામ કરે છે તે સ્થળના ફોટા અને બીજા ડોક્યુમેન્ટ પૂરાવા તરીકે મોકલ્યા.

આમ છતાં અરવિંદ પટણીના રૂપિયા રિલિઝ ન થવાના કારણે તેમણે ગાંધીનગર જિલ્લા ગ્રાહક પંચમાં Paytm સામે ફરિયાદ કરી. પેટીએમે દલીલ કરી હતી કે પટણીના એકાઉન્ટમાં કેટલાક શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનની પેટર્ન હોવાના કારણે તેમણે ડોક્યુમેન્ટ માગ્યા હતા અને રકમ અટવાવી રાખી હતી.

### અમરેલી જિલ્લામાં છેલ્લા નવ દિવસમાં સાત ગામમાં સિંહ દેખાયા છે

# ગામની મધ્યે કર્યું પાંચ સિંહે ગાયનું મારણ

। (એજન્સી) અમરેલી, તા.૧૮ ।

અમરેલી, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાનાં ગામડામાં સુધી સિંહ પહોંચી ગયા છે. તેમજ આ વિસ્તારમાં આવતા સિંહનો વીડિયો વારંવાર સામે અવો છે. ત્યારે વધુ એક સિંહનો વીડિયો સામે આવ્યો. અમરેલી જિલ્લાના ધારી તાલુકા ખીચા ગામમાં એક સાથે પાંચ સિંહ પહોંચી ગયા હતાં અને ગામની શેરીમાં શિકાર કર્યો હતો. તેમજ એક બીજા સિંહે મારણની ખેચતાણ કરી હતી અને મારણ ઉપર પોતાનો અધિકાર જમાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો છે. અમરેલી જિલ્લામાં છેલ્લા ૯ દિવસમાં ૭ ગ્રામીણ વિસ્તારની અંદર સિંહના લટર મારતા અને શિકાર કરતાં વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે.અમરેલી જિલ્લામાં અવારનવાર સિંહના લટર મારતા વીડિયો વાયરલ થયા છે. આજે વધુ એક વીડિયો સોશિયલ મીડિયામાં સિંહનો લટાર મારતો વાયરલ થયો છે. અમરેલી જીલ્લામાં ધારી તાલુકાના



ખીચા ગામમાં ૫ સિંહ આવ્યા હતા. સિંહે ગાયનું મારણ કર્યું હતું. સિંહનો વીડિયો સ્થાનિક વ્યક્તિએ પોતાના કેમેરામાં કેદ કર્યો હતો અને હાલ આ વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થયો છે.ગ્રામીણ વિસ્તારોમાં અવારનવાર આંટા ફેરા કરતા સિંહ આજે મરણ કર્યું હતું. સ્થાનિક લોકોમાં ભય જોવા મળ્યો હતો. સિંહ એ ભારતની શાન છે. અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ જિલ્લામાં અનેક વિસ્તારોમાં સિંહના વીડિયો સામે આવે છે. સિંહના શિકારનાં વીડિયો સામે આવે છે. અનેક વખત ગામડામાં આવી ચઢેલા સિંહનો વીડિયો સામે આવે છે. ત્યારે વધુ એક વીડિયો સામે આવ્યો છે. વન વિભાગ દ્વારા અવારનવાર લોકોને અપીલ કરવામાં આવે છે કે, વન વિસ્તારમાં જતા પ્રવાસીઓ જંગલમાં કચરોના ફેકવો તેમજ વન્ય પ્રાણી પશુ કે પક્ષીને કોઈ પણ પ્રકારનો ખોરાક ન આપવો જોઈએ. તેમજ વન વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ ન કરવા અપીલ કરવામાં આવે છે. વન પ્રાણીઓને રંજાડવા જોઈએ નહી.

### પતિ પૈસા ચુકવવા તૈયાર નહીં, સજા કરવી ન્યાયોચિત : કોર્ટ

# પત્નીને ભરણપોષણ નહીં ચુકવનાર પતિને ૧૨૦ દિવસ કેદની સજા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

કોર્ટનો આદેશ છતાં પત્નીને ૧૨ મહિના સુધી ભરણ પોષણ નહીં ચુકવનાર પતિને કોર્ટે ૧૨૦ દિવસની સજા ફટકારી છે. આ સાથે જ કોર્ટે નોંધ્યું હતું કે, પતિએ છેલ્લા ૧૨ મહિનાથી ભરણ પોષણ ચુકવ્યું નથી, રિકરવી વોરંટ ધ્યાને લેતા પતિ રકમ ચુકવવા તૈયા નથી અને કોઈ જ મિલકત કે પૈસા ન હોવાનું જણાવ્યું છે. ત્યારે એક મહિનાના ૧૦ દિવસ લેખે ૧૨ મહિનાના ૧૨૦ દિવસ સજા કરવી ન્યાયોચિત જણાય છે. અમદાવાદમાં રહેતી રેખા(ઓળખ છુપાવા નામ બદલ્યું છે) એ પતિ પાસે પોતાના તથા પુત્રના ભરણ પોષણ માટે વર્ષ ૨૦૧૭માં અરજી કરી હતી. જેમાં કોર્ટે બન્નેનું થઇ મહિને ૪૫૦૦ ભરણ પોષણ ચુકવી આપવા આદેશ કર્યો હતો. થોડા મહિના સુધી તો પતિએ પૈસા ચુકવ્યા હતા. પરંતુ ૧૨ મહિના સુધી પૈસા ચુકવ્યા ન હતા. જેથી રેખાએ એડવોકેટ અરવિંદ વાણીયા મારફતે કોર્ટમાં ભરણ પોષણની વસૂલી માટે અરજી કરી હતી. જેમાં એવી રજૂઆત કરી હતી કે, કોર્ટનો આદેશ છતા ૧૨ મહિના સુધી પતિએ ભરણ પોષણ આપ્યું નથી અને તે ભરવા પણ તૈયાર નથી. ઉપરાંત કોઈ મિલકત પણ ન હોવાનું જણાવે છે. કુલ ૫૪ હજાર ભરણ પોષણ લેવાનું નિકળે છે. ત્યારે આ મામલે કોર્ટે યોગ્ય આદેશ કરવો જોઈએ.



ગરમીની સિઝન શરૂ થઈ ગઈ છે ત્યારે ઉપયોગમાં લેવાતા ફળ તરબૂચ માર્કેટમાં હવે જોવા મળી રહ્યા છે. અને લોકો ખરીદી પણ કરી રહ્યા છે.

# ગુજરાત યુનિવર્સિટીમાં બબાલ કરનારા તત્વો હવે સકંજામાં

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાત યુનિવર્સિટીમાં વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલાના મામલે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. હોસ્ટેલ પરિસરમાં નમાઝ અદા કરતી વખતે વિદ્યાર્થીઓ પર હુમલો અને તોડફોડ કરનારા ૩ આરોપીઓને રાઉન્ડઅપ કર્યા છે. તેમજ ૨૫ લોકો વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. જેમાં ૭ની ઓળખ થઈ છે. આ ઘટના શનિવારે રાત્રે બની હતી જ્યારે વિદેશી વિદ્યાર્થીઓ હોસ્ટેલ પરિસરમાં નમાઝ અદા કરી રહ્યા હતા. તે જ સમયે ૨૦-૨૫ લોકો અંદર ઘૂસી ગયા અને હંગામો મચાવ્યો હતો. આ દરમિયાન તેમણે જય શ્રી રામના નારા પણ લગાવ્યા હતા. ઘટના બાદ રાજ્ય સરકાર આ મામલા પર ચાંપતી નજર રાખી રહી છે. આ હુમલામાં પાંચ વિદેશી વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા.વિદ્યાર્થીઓ પર હુમલો કરવા ઉપરાંત વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી. રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ પણ ગુજરાતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે વાત કરી હતી અને આરોપીઓને વહેલી તકે ધરપકડ કરવા અને નિષ્પક્ષ તપાસ કરવા નિર્દેશ આપ્યો હતો. તો બીજી તરફ વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે તે ગુજરાત સરકારના સંપર્કમાં છે.

### મહુવા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની આવક વધારે થાય છે

# એક સપ્તાહથી ડુંગળીના ભાવ સ્થિર, આવકમાં પણ થયો ઘટાડો

। (એજન્સી) ભાવનગર, તા.૧૮ ।

ભાવનગરમાં આવેલું મહુવા માર્કેટ યાર્ડ જણસીઓના વેચાણ માટે સૌથી વિશ્વસનીય સ્થળ બન્યું છે. મહુવા માર્કેટ માર્કેટ યાર્ડ ખાતે એરંડા, જુવાર, બાજરી, શીંગ, ઘઉં, મકાઈ, અડદ, મગ, ધાણા, સોયાબીન, ચણા, સફેદ અને કાળા તલ, નારીયેળ, તુવેર, લાલ અને સફેદ ડુંગળીની હરાજી કરવામાં આવે છે. ભાવનગર જિલ્લામાં ડુંગળીનું વાવેતર વધુ થાય છે. જેના કારણે મહુવા માર્ડમાં ડુંગળીની પુષ્કળ આવક થઈ રહી છે. મહુવા યાર્ડમાં છેલ્લા છ દિવસમાં ૧૧.૫૧ લાખ કટ્ટા ડુંગળીની આવક થઈ હતી. જોકે ગત સપ્તાહની સરખામણીએ આવકમાં ઘટાડો થયો છે. ભાવનગર જિલ્લો ડુંગળીના વાવેતરમાં ગુજરાતમાં સૌથી મોખરે છે. આ વર્ષે પણ ભાવનગર જિલ્લામાં ડુંગળીનું સૌથી વધારે વાવેતર કરવામાં આવ્યું છે. ખાસ કરીને



મહુવામાં ડુંગળીના ડીહાઈડ્રેશનના કારખાનો હોવાથી મહુવા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની મોટા પ્રમાણમાં આવક થઈ રહી છે. ભાવનગર મહુવા માર્કેટિંગ ૧૧-૦૩-૨૦૨૪ થી ૧૬-૦૩-૨૦૨૪ સુધીમાં લાલ અને સફેદ ડુંગળી ૧૧,૫૧,૬૩૫ કટ્ટાની આવક થઈ છે. ડુંગળીનું વાવેતર સૌરાષ્ટ્રમાં ભાવનગર જિલ્લામાં સૌથી વધારે ખેડૂતો દ્વારા કરવામાં આવે છે. અહીંની ડુંગળીની માંગ દિલ્હી, પંજાબ અને અન્ય રાજ્યમાં મોટા પાયે છે. ભાવનગર જિલ્લામાં સરેરાશ ૩૧,૦૦૦ હેક્ટર કરતા પણ વધારે જમીનમાં ડુંગળીનું વાવેતર દર વર્ષે કરવામાં આવે છે. મહુવા માર્કેટિંગ યાર્ડમાં છેલ્લા ૬ દિવસમાં સરેરાશ ભાવ સફેદ ડુંગળીના ભાવ ૨૦૦ રૂપિયાથી લઈને ૨૭૫ રૂપિયા સુધીના ભાવ બોલાય રહ્યા છે. માર્કેટિંગ યાર્ડમાં લાલ ડુંગળીના છેલ્લા ૬ દિવસના સરેરાશ ભાવ ૧૨૧ રૂપિયાથી લઈને ૩૪૭ રૂપિયા સુધી ભાવ બોલાય રહ્યા હતા .ચોમાસાની શરૂઆતમાં સફેદ ડુંગળીના પ્રતિ એક મણના ભાવ ૮૦૦ થી ૯૦૦ રૂપિયા સુધી પહોંચ્યા હતા. જ્યારે લાલ ડુંગળીના ભાવ ૭૦૦ થી ૮૦૦ રૂપિયા સુધીના રહ્યા હતા.

# મિત્રોએ મિત્રો ઉપર છરી અને લાકડીથી હુમલો કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ચાંદખેડામાં ફક્ત ૪૦૦ રુપિયાની ઉઘરાણી માટે મિત્રોએ મિત્રો પર છરી અને લાકડીથી હુમલો કર્યો હતો. એક મિત્રને લાકડીની ફટકા માર્યા ત્યારે બીજાને છરી મારી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે બે શખસો સામે ગુનો નોધી તપાસ હાથ ધરી છે. ચાંદખેડા વિસ્તારમાં આવેલા આવકાર બંગ્લોઝમાં પ્રદિપ ચાવડા (ઉ.૨૩) પરિવાર સાથે રહે છે. ગત ૧૬મી માર્ચના રોજ બપોરના ૩ વાગ્યે પ્રદિપ ઘર નજીક આવાલે પાન પાર્લર પર મિત્ર આકાશ, મનિષ સાથે બેઠા હતા. આ સમયે રોનક ચૌહાણ(રહે. તુલશી રેસીડેન્સી, ચાંદખેડા) અને તેનો મિત્ર ભાવીન ચૌહાણ (રહે. શાહપુર) આવ્યા હતા. આ સમયે રોનક અને ભાવીન કહેવા લાગ્યા હતા કે, તું મારા ૪૦૦ રુપિયા લઈ ગયો હતો તે ક્યારે પાછા આપવાનો છે. સાંજે પૈસા આપી દેવાનું કહેતા રોનક ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો ભાંડવા લાગ્યો હતો. આકાશ સાથે ઝપાઝપી કરતા પ્રદિપ અને મનિષ વચ્ચે રોકવા માટે પડ્યા હતા. આ દરમિયાન રોનક છરી જેવું તેની પાસેથી કાઢ્યું હતુ અને પ્રદિપને ડાબી કોણી પર મારી દીધું હતું. રોનક અને ભાવીને મનીષને પણ દંડા માર્યા હતા. મનીષને ઈજા થતાં તેને બુમો પાડતા આસપાસના લોકો દોડી આવતા રોનક અને ભાવીન ભાગી ગયા હતા.

# એઆઈએડીએમકેને ચેન્નાઈ સુપર કિંગ્સે ૬.૫ કરોડનું દાન આપ્યું

**બે દિવસમાં એઆઈએડીએમકેને પાંચ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું**

।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮। ઈલેક્ટોરલ બોન્ડના ખુલાસા બાદ આ મામલે દરરોજ નવી માહિતી બહાર આવી રહી છે. બોન્ડની વિગતો પરથી એ પણ જાણી શકાય છે કે કયા રાજકીય પક્ષોને કઈ કંપનીઓ દ્વારા અને ક્યારે ઈલેક્ટોરલ બોન્ડના નામે ફંડ આપવામાં આવ્યું હતું. હવે આ મામલે એમએસ ધોનીની ચેન્નઈ સુપર કિંગ્સનું નામ પણ સામે આવ્યું છે, જેણે રાજકીય પક્ષોને ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા દાન આપ્યું છે. વાસ્તવમાં, ચેન્નઈ સુપર કિંગ્સનું સંચાલન ચેન્નઈ સુપર કિંગ્સ ક્રિકેટ લિમિટેડ કંપની દ્વારા કરવામાં આવે છે, જેની મૂળ કંપની ઈન્ડિયા સિમેન્ટ છે. ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન એમએસ ધોની ચેન્નઈ સુપર કિંગ્સના કેપ્ટન છે. એમએસ ધોનીની ટીમની માલિકી ધરાવતી આ કંપનીએ તમિલનાડુના એઆઈએડીએમકે (ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ)ને ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા જંગી નાણાં આપ્યા છે. એક અહેવાલ અનુસાર, એ આ ઈ એ ડી એ મ કે ને ઈલેક્ટોરલ બોન્ડના નામે ૬.૦૫ કરોડ રૂપિયા મળ્યા છે, જેમાંથી મોટા ભાગના ચેન્નઈ સુપર કિંગ્સ ક્રિકેટ લિમિટેડ (ઈન્ડિયા સિમેન્ટ) પાસેથી આવ્યા છે. ચેન્નઈ સુપર કિંગ્સ ક્રિકેટ લિમિટેડે બે દિવસમાં એઆઈએડીએમકેને ૫ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે.

આ રકમ ૨ થી ૪ એપ્રિલ ૨૦૧૯ વચ્ચે આપવામાં આવી હતી. જો કે, તે પછી પાર્ટીને સીએસકે ક્રિકેટ લિમિટેડ તરફથી કોઈ પૈસા મળ્યા નથી. ચૂંટણી પંચના ચૂંટણી ખર્ચ વિભાગના સચિવ સાથે શેર કરેલી માહિતી અનુસાર, પાર્ટીને કોઈમ્બતુર સ્થિત લક્ષ્મી મશીન વર્ક્સ લિમિટેડ પાસેથી ૧ કરોડનું દાન તેમજ ચેન્નઈના ગોપાલ શ્રીનિવાસન તરફથી ૫ લાખ રૂપિયા ડોનેશન તરીકે મળ્યા હતા. યોગાનુયોગ પાર્ટીએ ૨૦૧૯ અને ૨૦૨૩માં આ માહિતી આપી હતી. તમિલનાડુની પાર્ટી ડીએમકેને લઈને પણ કેટલીક મહત્વપૂર્ણ માહિતી સામે આવી રહી છે. ડીએમકેને ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા રૂ. ૬૫૬.૬ કરોડ મળ્યા હતા. ડીએમકેનું કહેવું છે કે ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા તેને મળેલા ૬૫૬.૬ કરોડ રૂપિયામાંથી ૫૦૯ કરોડ ફ્યુચર ગેમિંગ અને હોટેલ સર્વિસીસ દ્વારા પ્રાપ્ત થયા છે. આ રીતે ડીએમકેને મળેલા કુલ રાજકીય દાનમાં આ હિસ્સો ૭૭ ટકાથી વધુ છે. આ કંપનીના માલિક સેન્ટિયાગો માર્ટિનની ઈડી દ્વારા તપાસ ચાલી રહી છે.

**મહિલા પ્રીમિયર લીગમાં રોયલ ચેલેન્જર્સ ચેમ્પિયન**

# આ વખતે પણ ડબલ્યુપીએલમાં વિજેતા ટીમને છ કરોડ, રનર્સઅપને ૩ કરોડનો પુરસ્કાર

## મહિલા પ્રીમિયર લીગમાં ચેમ્પિયન ટીમને મળનારી રકમની તુલના જો પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)થી કરીએ તો મોટુ અંતર



।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮। મહિલા પ્રીમિયર લીગ ૨૦૨૪ પોતાના અંજામ સુધી પહોંચી ગઈ. તેના ફાઈનલમાં રવિવારે નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે દિલ્હી કેપિટલ્સને આઠ વિકેટથી હરાવ્યુ. આ વર્ષે ડબલ્યુપીએલને નવુ ચેમ્પિયન મળ્યુ છે. ગયા વર્ષે મુંબઈ ઈન્ડિયન્સે આ ખિતાબ જીત્યો હતો. શું તમને ખબર છે આ વર્ષે મહિલા પ્રીમિયર લીગનો ખિતાબ જીતનારી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ટીમ અને રનર અપ દિલ્હી કેપિટલ્સની ટીમને કેટલી રકમ મળી છે. આઈપ ીએલની જેમ મહિલા પ્રીમિયર લીગમાં પણ વિજેતા ટીમ પર રૂપિયાનો વરસાદ થાય છે. તમે તેનો અંદાજો એ વાતથી લગાવી શકો છો કે મહિલા પ્રીમિયર લીગની ઈનામી રકમ પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) માં વિજેતા ટીમને મળનારી રકમથી બમણી છે. મહિલા પ્રીમિયર ૨૦૨૩માં વિજેતા ટીમ મુંબઈ ઈન્ડિયન્સને ટ્રોફી જીતવાના ઈનામ તરીકે છ કરોડ રૂપિયાની રકમ મળી હતી. રનર અપ દિલ્હી ટીમને ૩ કરોડ રૂપિયા મળ્યા હતા. આ રીતે આ વખતે પણ વિજેતા ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને ૬ કરોડ રૂપિયા આપવામાં આવ્યા જ્યારે રનર અપ ટીમ દિલ્હી કેપિટલ્સને ૩ કરોડ રૂપિયા મળ્યા. પીએસએલમાં વિજેતા ટીમને આ વખતે ૧૨૦ મિલિયન પાકિસ્તાની રૂપિયા એટલે કે ભારતીય રૂપિયા અનુસાર ૩.૫ કરોડ રૂપિયા મળશે એટલે કે ડબલ્યુપીએલથી લગભગ અડધા અને રનરઅપ ટીમથી થોડા વધારે. પીએસએલમાં રનરઅપ ટીમને ૧.૪ કરોડ રૂપિયા મળશે. જે મહિલા પ્રીમિયર લીગની રનરઅપ ટીમથી બિલકુલ અડધુ છે. પીએસએલની ફાઈનલ ૧૮ માર્ચે રમવામાં આવશે. આઈપીએલની તુલનામાં ડબલ્યુપીએલમાં મળનારી પ્રાઈઝ મની ખૂબ ઓછી છે. ગયા વર્ષે આઈપીએલ ચેમ્પિયન બનનારી ચેન્નઈ સુપર કિંગ્સની ટીમને ૨૦ કરોડ રૂપિયા પ્રાઈઝ મની તરીકે મળ્યા હતા. રનરઅપ ગુજરાત ટાઈટન્સને ૧૨.૫ કરોડ રૂપિયાનો ચેક મળ્યો હતો. જોકે, મહિલા પ્રીમિયર લીગમાં ચેમ્પિયન ટીમને મળનારી રકમની તુલના જો પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) થી કરીએ તો મોટુ અંતર નજર આવે છે.

**મહિલા પ્રીમિયર લીગમાં વિવિધ કેટેગરીના વિજેતા**

# એલિસ પેરીને સૌથી વધુ રન બદલ ઓરેન્જ કેપ મળી



।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮। રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે દિલ્હી કેપિટલ્સને હરાવીને મહિલા પ્રીમિયર લીગ ૨૦૨૪ ખિતાબ જીતી લીધો. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમવામાં આવેલી ખિતાબી મેચમાં આરસીબીએ દિલ્હીને ૮ વિકેટથી હરાવીને ટ્રોફી પર કબ્જો કર્યો. આરસીબી ફ્રેંચાઈઝીએ પહેલી વખત આ કારનામુ કર્યુ. આરસીબીના દિગ્ગજ ખેલાડી એલિસે પેરીને સૌથી વધુ રન બનાવવા માટે ઓરેન્જ કેપ આપવામાં આવ્યો. પર્પલ કેપ એવોર્ડ માટે આરસીબીની શ્રેયંકા પાટિલને પસંદ કરવામાં આવ્યા. આ ૨૧ વર્ષીય ખેલાડીએ સીઝનમાં ૧૩ વિકેટ લઈને એક મોટી રકમ મેળવી. તેમને રિવોર્ડ તરીકે ૫ લાખ રૂપિયા આપવામાં આવ્યા. મોસ્ટ વેલ્યૂએબલ પ્લેયરનો એવોર્ડ યુપીની દીપ્તિ શર્માને આપવામાં આવ્યા. આ ભારતીય ઓલરાઉન્ડરે સમગ્ર સીઝનમાં હરફનમૌલા પ્રદર્શન કર્યુ પરંતુ આ તેમની ટીમ માટે પ્લેઓફ માટે ક્વોલિફાય કરવા માટે પર્યાપ્ત નહોતો. ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સીઝનનો એવોર્ડ આરસીબીની શ્રેયંકા પાટિલને જ આપવામાં આવ્યો. આરસીબી સ્ટાર એલિસે પેરીએ દિલ્હીની કેપ્ટન લેનિંગને પાછળ છોડતા ઓરેન્જ કેપમાં ઉચ્ચ સ્થાન મેળવી દીધુ. આરસીબીના આ મહિલાએ ડબ્લ્યૂપીએલ ૨૦૨૪ના નવ મેચમાં ૩૪૭ રન બનાવ્યા. તેમનો સરેરાશ ૬૯.૪૦ની આસપાસનો રહ્યો હતો. પેરીએ આરસીબીનો ખિતાબ જીતનાર સીઝનમાં બે અડધી સદી બનાવી.

**જાહેરાત પહેલાં કેન્દ્રનું મહત્વનું પગલું**

# ઈન્ડિયન ઓઈલે ઓટોમોટિવ ઈંધણ ઈથાનોલ ૧૦૦ લોન્ચ કર્યું




।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮। પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ તેમજ આવાસ અને શહેરી બાબતોના કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ ઈન્ડિયન ઓઈલ રિટેલ આઉટલેટ એમ/એસ ઈરવીન રોડ સર્વિસ સ્ટેશન, નવી દિલ્હી ખાતે ગત શનિવારે ક્રાંતિકારી ઓટોમોટિવ ઈંધણ, 'ઈથાનોલ ૧૦૦' લોન્ચ કર્યું હતું. મહારાષ્ટ્ર, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, નવી દિલ્હી અને તમિલનાડુ એમ પાંચ રાજ્યોમાં ગ્રાહકો ઈન્ડિયન ઓઈલના પસંદગીના ૧૮૩ રિટેલ આઉટલેટ્સ પર ઈથેનોલ ૧૦૦નો લાભ લઈ શકશે. આ પ્રસંગે બોલતા હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે ઈથાનોલ ૧૦૦નું લોન્ચિંગ ભારતના વડાપ્રધાનના અન્નદાતાને ઉર્જાદાતામાં પરિવર્તિત કરવાના વિઝનથી પ્રેરિત હતું. ઈથેનોલ ૧૦૦નું લોન્ચિંગ આયાત નિર્ભરતા ઘટાડવા, વિદેશી હૂંડિયામણ બચાવવા અને કૃષિ ક્ષેત્રને વેગ આપવા સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. વડાપ્રધાને ૨૦૨૩માં ઈ૨૦ (૨૦% ઈથેનોલ મિશ્રિત ઈંધણ) અંગેની જાહેરાત કરી ત્યારથી, ઈ૨૦ ઉપલબ્ધતા એક વર્ષમાં ૧૨,૦૦૦ આઉટલેટ્સ સુધી વધી છે અને હવે, ઈન્ડિયન ઓઈલના ૧૮૩ આઉટલેટ્સ પર ઈથાનોલ ૧૦૦ ની રજૂઆત સાથે, અમે ૨૦૨૫-૨૬ સુધીમાં ૨૦% ઈથેનોલ સંમિશ્રણના લક્ષ્યને હાંસલ કરવાના લક્ષ્યાંકની નજીક છીએ. છેલ્લા ૧૦ વર્ષો દરમિયાન આ ઈથેનોલ સંમિશ્રણ પહેલોએ ખેડૂતોની આવક અને ગ્રામીણ રોજગારમાં વધારો કર્યો છે. ૧.૭૫ કરોડ વૃક્ષો વાવવાની સમકક્ષ સીઓ ૨ ઉત્સર્જનમાં ઘટાડો કર્યો છે.

**એક સમયે કેનેડામાં સેટલ થવાનો ભારતીયોમાં ક્રેઝ હતો**

# કેનેડાની સિટિઝનશિપ માટેની ડિમાન્ડમાં ભારે ક્રેઝ હતો, પરંતુ હવે ઘટાડો નોંધાયો




## ૧૯૯૬થી ૨૦૨૧ સુધીના ગાળાને આવરી લઈને રિસર્ચ ઈમિગ્રન્ટમાં સિટિઝનશિપ રેટ ૩૦ ટકા જેટલો ઘટી ગયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ । કેનેડા જઈને સેટલ થવા માટે એક સમયે ભારતીયોમાં ભારે ક્રેઝ હતો, પરંતુ હવે કેનેડાના વળતા પાણી હોય તેવું લાગે છે. માત્ર ભારત જ નહીં પરંતુ દરેક જગ્યાએ આવું જોવા મળે છે. તેના કારણે કેનેડાની સિટિઝનશિપ માટે પણ ડિમાન્ડ ઘટી છે. તાજેતરનો એક સરવે બતાવે છે કે ૨૦ વર્ષ અગાઉના કેનેડા અને આજના કેનેડામાં ઘણો ફરક છે. તેથી ઈમિગ્રન્ટ્સ હવે કેનેડાની સિટિઝનશિપ માટે પહેલા જેવી દોટ નથી લગાવતા. સ્ટેટિસ્ટિક્સ કેનેડાના રિપોર્ટ મુજબ કેનેડામાં અત્યારે વસતા ઈમિગ્રન્ટ્સમાં કેનેડાના નાગરિકત્વ માટે ક્રેઝ ઓછો થઈ ગયો છે. ૧૯૯૬થી ૨૦૨૧ સુધીના ગાળાને આવરી લઈને રિસર્ચ કરવામાં આવ્યું હતું. તેમાં જાણવા મળે છે કે ઈમિગ્રન્ટમાં સિટિઝનશિપ રેટ ૩૦ ટકા જેટલો ઘટી ગયો છે. સૌથી મોટો ઘટાડો છેલ્લા એક દાયકામાં આવ્યો છે. જે લોકો કેનેડામાં ૫, ૧૦ કે ૧૫ વર્ષથી રહે છે તેમાંથી કેટલા લોકો કેનેડાની સિટિઝનશિપ માટે અરજી કરે છે તેનો ડેટા ચકાસવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૯૬માં ૭૫ ટકાથી વધુ ઈમિગ્રન્ટ્સ કેનેડિયન સિટિઝનશિપ માટે અરજી કરતા હતા. જ્યારે વર્ષ ૨૦૨૧માં આ આંકડો ઘટીને ૪૫.૭ ટકા સુધી આવી ગયો હતો. ૨૦૧૬થી ૨૦૨૧ વચ્ચે તો ઈમિગ્રન્ટ્સમાં એવો મોહભંગ થયો કે તેમણે કેનેડાના નાગરિક બનવા માટે બહુ ઓછી અરજીઓ કરી હતી. અલગ અલગ ઈમિગ્રન્ટમાં કેનેડાની સિટિઝનશિપ માટેનો ક્રેઝ પણ અલગ અલગ હોય છે. ઉદાહરણ તરીકે જેમની વાર્ષિક આવક ૫૦,૦૦૦થી એક લાખ કેનેડિયન ડોલર વચ્ચે છે તેઓ કેનેડાની સિટિઝનશિપ મેળવે તેવી શક્યતા ૧૪ ટકા વધારે રહે છે જ્યારે ૧૦ હજાર ડોલરથી ઓછી આવક ધરાવતા લોકો કેનેડિયન સિટિઝનશિપ માટે અરજી કરવાનું ટાળે છે. આ ઉપરાંત હાઈસ્કૂલ ડિગ્રી ધરાવતા ૩૦.૫ ટકા લોકો કેનેડાની સિટિઝનશિપ માટે અરજી કરે છે જ્યારે યુનિવર્સિટીની ડિગ્રી ધરાવતા લોકોમાં આ અરજીનું પ્રમાણ ૫૧.૮ ટકા છે. ઈમિગ્રન્ટ્સ કયા દેશમાંથી આવ્યા છે તેના આધારે પણ ડેટા અલગ અલગ આવી શકે છે. ઈસ્ટ એશિયાના દેશોના ઈમિગ્રન્ટમાં કેનેડિયન સિટિઝનશિપની ડિમાન્ડ ૫૮ ટકા ઘટી ગઈ છે જ્યારે સાઉથ ઈસ્ટ એશિયાના દેશોમાં ડિમાન્ડમાં ૪૦.૭ ટકા ઘટાડો થયો છે. વેસ્ટ એશિયાના દેશોમાંથી કેનેડિયન સિટિઝનશિપની માંગમાં ૩૦ ટકા ઘટાડો થયો છે.

**એપ્રિલ-ડિસેમ્બર દરમિયાન સ્માર્ટફોનની નિકાસમાં ભારતનો હિસ્સો વધીને ૭.૭૬ ટકા થયો છે**



# ભારતની યુએસમાં સ્માર્ટફોનની નિકાસ ૩.૫૩ અબજ ડોલર થઈ

**ભારતમાં મોબાઈલ ફોનનું ઉત્પાદન વધ્યું**

।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮। ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ-ડિસેમ્બર દરમિયાન યુએસમાં ભારતના સ્માર્ટફોનની નિકાસ વધીને ૩.૫૩ અબજ ડૉલરને આંબી ગઈ છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના સમયગાળામાં ૯૯૮ મિલિયન ડોલર હતી. વાણિજ્ય મંત્રાલયના ડેટા અનુસાર, ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ-ડિસેમ્બર દરમિયાન સ્માર્ટફોનની નિકાસમાં ભારતનો હિસ્સો વધીને ૭.૭૬ ટકા થયો છે, જે પહેલા બે ટકા હતો. મળતી માહિતી મુજબ સ્માર્ટફોન મેન્યુફેક્ચરિંગમાં વૃદ્ધિને કારણે નિકાસમાં વધારો થયો છે. આ સાથે ભારત અમેરિકામાં ત્રીજો સૌથી મોટો સ્માર્ટફોન નિકાસકાર દેશ બની ગયો છે. આ યાદીમાં ચીન પ્રથમ સ્થાને છે અને વિયેતનામ બીજા સ્થાને છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં અમેરિકામાં સ્માર્ટફોનની નિકાસમાં ચીન અને વિયેતનામનો હિસ્સો ઘટ્યો છે. ટોચના પાંચ સપ્લાયર્સ પાસેથી યુએસમાં સ્માર્ટફોનની નિકાસ એપ્રિલ-ડિસેમ્બર ૨૦૨૨માં ૪૯.૧ બિલિયન ડોલરથી ઘટીને એપ્રિલ-ડિસેમ્બર ૨૦૨૩માં ૪૫.૧ બિલિયન ડોલર થઈ છે. ચીને સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન યુએસમાં ૩૫.૧ બિલિયન ડોલરના સ્માર્ટફોનની નિકાસ કરી હતી, જે ગયા વર્ષમાં ૩૮.૨૬ બિલિયન ડોલર હતી.

**ચૂંટણી બોન્ડ અંગે ટીએમસીનો વિચિત્ર ખુલાસો**

# અજાણી વ્યક્તિ પક્ષના સબંધિત કાર્યાલયોમાં પૈસા છોડી ગઈ હતી



।(એજન્સી) કોલકાતા, તા.૧૮। ચૂંટણી બોન્ડ સ્કીમને સુપ્રીમ કોર્ટે રદ કરીને ચૂંટણી પંચને તેના ડેટા જાહેર કરવા માટે કહ્યું હતું. રવિવારે ચૂંટણી પંચે ચેના ફ્રેશ ડેટા જાહેર કર્યા જેમાં ૧૨ એપ્રિલ ૨૦૧૯થી પહેલાના સમયગાળાની વિગતો આપવામાં આવી. ટીએમસીએ ૨૦૧૮-૧૯ના ચૂંટણી બોન્ડના ખુલાસા અંગે એકદમ વિચિત્ર સ્પષ્ટતા આપી છે. પાર્ટીએ દાવો કર્યો કે, અજાણ્યા વ્યક્તિઓએ કોલકાતામાં તેમના સબંધિત કાર્યાલયોમાં પૈસા છોડી ગયા હતા. આ કારણોસર તેમને દાન આપનારાઓના નામ અને એડ્રેસ વિશે જાણ ન થઈ શકી. ટીએમસીએ એ દાતાઓની ઓળખનો ખુલાસો નથી કર્યો જેમણે ૧૬ જુલાઈ ૨૦૧૮ અને ૨૨ મે ૨૦૧૯ વચ્ચે ચૂંટણી બોન્ડ દ્વારા સામૂહિક રૂપે લગભગ ૭૫ કરોડ રૂપિયાનું યોગદાન આપ્યુ હતું. જેડીયુએ પણ ટીએમસીની જેમ જ જવાબ આપ્યો. ટીએમસીએ ૨૭ મે ૨૦૧૯ના રોજ ચૂંટણી પંચને આપેલી પોતાની અરજીમાં જણાવ્યું હતું કે આમાંના મોટાભાગના બોન્ડ તેની ઓફિસને અજ્ઞાત રીતે મોકલવામાં આવ્યા હતા. ડ્રોપ બોક્સમાં નાખવામાં આવ્યા હતા અથવા તો ઓફિસમાં કોઈ વ્યક્તિ દ્વારા છોડી દેવામાં આવ્યા હતા.

**સોશિયલ મીડિયા સ્ટાર** **બિગ બોસ ઓટીટી-૨ના વિજેતાના મુસિબત વધી**

# એલ્વિશ યાદવે જેલમાં ઝેરના સોદાની વાત કબૂલી

## સાપ અને સાપોના ઝેરના સપ્લાઈ મામલે એલ્વિશ પર એનડીપીએસ એક્ટ હેઠળ ગંભીર કલમો



।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮। બિગ બોસ ઓટીટી-૨નો વિનર અને સોશિયલ મીડિયા સ્ટાર એલ્વિશ યાદવની મુશ્કેલી વધતી નજર આવી રહી છે. સાપ અને સાપોના ઝેરના સપ્લાઈ મામલે એલ્વિશ પર એનડીપ ીએસ એક્ટ હેઠળ ગંભીર કલમો લગાવવામાં આવી છે. એલ્વિશ પર ડ્રગ્સની ખરીદી અને વેચાણમાં ફાઈનાન્સનું કામ કરવાનો આરોપ છે. એલ્વિશ પર કઈ-કઈ કલમો લગાવવામાં આવી અને આ કલમનો અર્થ શું છે? - એનડીપ ીએસ ની કલમ ૮/૨૦ પ્રમાણે કોઈપણ વ્યક્તિ પાસેથી ગાંજા અથવા કોઈપણ ગાંજા જેવો ડ્રગ્સ મળી આવવો. - કલમ ૨૭ એનડીપીએસ એક્ટ પ્રમાણે કોઈ વ્યક્તિ દ્વારા નારકોટિક ડ્રગનો ઉપયોગ કરવો. - એનડીપીએસ ૨૭એ પ્રમાણે કોઈ વ્યક્તિ દ્વારા નારકોટિક ડ્રગ્સ ખરીદવા અથવા તેના ફાઈનાન્સિંગમાં મદદ કરવી. - કલમ ૩૦ એનડીપીએસ પ્રમાણે ફાઈનાન્સિંગ અથવા કંઝમ્પ શન માટે પ્લાન બનાવવો. એનડીપીએસ એક્ટનો અર્થ થાય છે નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ, ૧૯૮૫. જે સામાન્ય રીતે એનડીપીએસ એક્ટ તરીકે ઓળખાય છે. આ એક્ટ ભારતની સંસદનો એક અધિનિયમ છે, જે વ્યક્તિ ઉત્પાદન/નિર્માણ/ખેતી, કબજો, વેચાણ, ખરીદી અથવા કોઈપણ નશાકારક દવાનું સેવન કરતો હોય તેના પર આ એક્ટ લગાવવામાં આવે છે. કોબ્રા કાંડમાં એલ્વિશ યાદવની નોઈડા પોલીસ દ્વારા ૧૭ માર્ચના રોજ ધરપકડ કરવામાં આવી હતી. એલ્વિશ પર રેવ પાર્ટીઓમાં સાપ અને તેનું ઝેર સપ્લાય કરવાનો આરોપ છે. તેના પર ડ્રગ્સના ફાઈનાન્સ પર કામ કરવાનો પણ આરોપ છે. કોર્ટના આદેશ બાદ એલ્વિશને આ કેસમાં ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે. હાલ તે જેલમાં બંધ છે. પૂછપરછમાં એલ્વિશે મોટો ખુલાસો કર્યો છે. તેણે સ્વીકાર્યું છે કે, તે સાપ ોના ઝેરના સપ્લાય મામલે આરોપી સાથીઓને પહેલા પણ મળી ચૂક્યો છે. થોડા મહિના પહેલા એલ્વિશ તેના મિત્રો સાથે એક રેવ પાર્ટીમાં નજર આવ્યો હતો. આ પાર્ટીમાં તે પ ોતાના મિત્રો સાથે દુર્લભ સાપને ગળામાં નાખીને ડાન્સ-પાર્ટી એન્જોય કરતો નજર આવ્યો હતો. આ મામલે નોઈડા પ ોલીસે ૨ નવેમ્બર ૨૦૨૩ના રોજ નોઈડાના સેક્ટર ૫૧ના સેવરોન બેંક્વેટ હોલમાંથી ૫ લોકોની ધરપકડ કરી હતી. કુલ ૯ સાપ મળી આવ્યા હતા. જેમાં ૫ કોબ્રા, ૧ અજગર, ૨ બે મોઢાવાળા સાપ અને એક રેડ સ્નેક સામેલ હતા. પૂછપરછમાં તે વખતે આરોપીઓએ જણાવ્યું હતું કે, સાપના ઝેરનો ઉપયોગ રેવ પાર્ટીમાં કરવામાં આવે છે. એફઆઈઆરમાં એલ્વિશ યાદવને આરોપી બનાવવામાં આવ્યો હતો. હવે એલ્વિશે એ વાત કબૂલી છે કે, તે પાર્ટીમાં સામેલ લોકો સાથે તે પહેલાથી સંપર્કમાં હતો.

# નિર્માણાધીન બહુમાળી ઈમારતનો હિસ્સો ધરાશાયી થતાં બેનાં મોત



।(એજન્સી) કોલકાતા, તા.૧૮। કોલકાતાના ગાર્ડન રીચ વિસ્તારમાં મોડી રાતે એક નિર્માણાધીન બહુમાળી ઈમારતનો એક હિસ્સો ધરાશાયી થતાં બે લોકો મૃત્યુ પામ્યયા હતા. આ દુર્ઘટનામાં ૨૦ થી ૨૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકોની ઓળખ સમા બેગમ (૪૭) અને હસીના ખાતૂન (૫૫) તરીકે થઈ છે. કાટમાળ નીચે હજુ પણ ૫-૬ લોકો ફસાયા હોવાના અહેવાલ છે. પોલીસે જણાવ્યું હતું કે મોડી રાત્રે લગભગ ૧૨:૧૦ વાગ્યે ગાર્ડન રીચ વિસ્તારની બાજુની ઝૂંપડપટ્ટીમાં પાંચ માળની નિર્માણાધીન બિલ્ડિંગનો એક ભાગ પડ્યો હોવાની જાણકારી મળી હતી. ૧૦ ઈજાગ્રસ્ત લોકોને સ્થાનિક નર્સિંગ હોમમાં, ૫ એસએશકેએમ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

## તંત્રી લેખ...

# પ્રભુની પ્રાપ્તિ કરીને માનવ જીવન બંધનોથી મુક્ત થાય

આ સંસારમાં કોઈ એવું પ્રાણી નથી, જેના હૃદયમાં પ્રેમ ન હોય. સંસારના તમામ પ્રાણી કોઈને કોઈ રૂપે પરસ્પર પ્રેમ ચોક્કસ કરે છે, પરંતુ પ્રેમ કરવાની માનસિકતા, ચિંતન, અભિલાષા અને સ્વરૂપમાં અંતર હોય છે. કોઈ ધર્મથી તો કોઈ અધર્મથી, કોઈ સત્યથી તો કોઈ અસત્યથી, કોઈ જૂઠથી તો કોઈ સત્યથી, કોઈ પાપથી તો કોઈ પુણ્યથી, કોઈ બુરાઈથી તો કોઈ અચ્છાઈથી, કોઈ સદ્‌ગુણથી તો કોઈ દુર્ગુણથી, કોઈ સત્કર્મથી તો કોઈ દુષ્કર્મથી, કોઈ ભક્તિથી તો કોઈ આસક્તિથી, કોઈ લોભથી તો કોઈ ત્યાગથી, કોઈ કામથી તો કોઈ રામથી, કોઈ બ્રહ્મથી તો કોઈ માયાથી પ્રેમ કરે છે. પરંતુ કોને પ્રેમ કરીએ તો આ દુર્લભ માનવ જીવન સફળ થઈ જાય અને જીવનમાં સુખ-શાંતિ અને પરમાનંદની પ્રાપ્તિ થાય. આ વિષય પર વિચાર કરવાથી પ્રેમની સાર્થકતા સિદ્ધ થાય છે, કારણ કે મનુષ્યનો જન્મ પ્રાપ્ત થવો દુર્લભ છે. આ સંસાર ભવસાગર છે. ભવસાગર પાર કરવા માટે ભગવદ્ ભક્તિ અતિ આવશ્યક છે. જો મનુષ્ય તન પ્રાપ્ત કરીને ભગવદ્ ભક્તિ ન કરી તો ફરીથી ૮૪ લાખ યોનિઓમાં ભ્રમણ કરવું પડે છે. તેથી ભગવાનને પ્રેમ કરવો માનવ જીવનનો મુખ્ય ઉદ્દેશ્ય છે. તેના માટે જપ, તપ, ધ્યાન, સત્સંગ, પૂજા-પાઠ, યજ્ઞ કરવામાં આવે છે, જે ઈશ્વર પ્રાપ્તિના માર્ગમાં સહાયક સાબિત થાય છે. એનાથી મનનું શુદ્ધીકરણ થાય છે. પાપ-તાપ, દોષોનું પરિમાર્જન થાય છે. પ્રભુના પ્રેમમાં ઉત્પન્ન થનારી અડચણો સમાપ્ત થાય છે. મન સતોગુણી બને છે. ગોસ્વામી તુલસીદાસે કહ્યું છે કે 'હરિ બ્યાપક સર્બત્ર સમાના. પ્રેમ તેં પ્રગટ હોહિં મૈં જાના' એટલે કે હું જાણું છું કે ભગવાન બધી જગ્યાએ સમાન રૂપે વ્યાપક છે, પરંતુ પ્રેમથી તે પ્રગટ થઈ જાય છે. સ્પષ્ટ છે કે ઈશ્વરને પ્રેમ કરવાથી જ બધું મળશે. તેથી પ્રભુને પ્રેમ કરવો જીવન માટે સર્વથા યોગ્ય છે. પ્રભુની પ્રાપ્તિ કરીને માનવ જીવન બંધનોથી મુક્ત થાય છે. આપણા સૌનો અનુભવ છે કે આપણે તો એવાં છે જેવા આપણે બાળપણમાં હતા, પરંતુ આ શરીર અને સંસાર પ્રતિક્ષણ બદલતાં રહે છે. આ જ પ્રકારે શાસ્ત્ર કહે છે કે ''હું'' અને ''પરમાત્મા'' ન બદલાવવા વાળા છે. ''હું'' ની પરમાત્મા સાથે એકતા થઈ અને ''આ શરીર'' ની સંસાર સાથે એકતા થઈ. આ શરીરમાં જે ગાઢ પણું જે દેખાય છે, તે પૃથ્વીનો અંશ છે. આમાં જે ગરમી છે તે સૂર્ય તથા અગ્નિનો અંશ છે.

## સોનાની સતત વધતી ચમકને કારણે ઇમિટેશન જ્વેલરીની બજાર ઊંચકાઈ ગઈ

### ઈન્વેસ્ટમેન્ટ નથી કરતાં અને ફક્ત જરૂર પૂરતી જ ખરીદી કરે છે



છેલ્લા કેટલાક સમયથી સોનાના ભાવ જે રીતે વધી રહ્યા છે તે જોતાં આગળ જતાં એ ક્યાં પહોંચશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે. સોનુ હવે બાવીસ કેરેટે સાંઈઠ હજાર રૂપિયે પહોંચ્યું છે. ક્યારેક ઘટીને અંદર પણ આવી જાય છે. અગાઉ પણ દસ ગ્રામના બાવન હજાર રૂપિયા કોરોનાના વખતમાં થાય એવી કોઈએ કલ્પના કરી ન હતી. સોનાએ આ અભૂતપૂર્વ ઊંચાઈ હાંસલ કરી છે, પરંતુ સાથોસાથ સોનું હવે ઘણા લોકો માટે સપનાંનો વિષય બની જશે તો એની મૂળભૂત ઘરાકી તો તૂટી જશે. જે હાલત રિયલ એસ્ટેટમાં થઈ અને મોટા પ્રોજેક્ટના બિલ્ડરો આજે ચોધાર આંસુએ રડે છે અને રાતભર જાગતા રહે છે એ હાલત આ બજાર ઝવેરીઓની ન કરે તે પણ ચિંતાનો વિષય છે. મધ્યમવર્ગ માટે બે રૂમ રસોડું ખરીદી શકાય એવી બજાર હોય તો બાંધકામ ક્ષેત્ર ટકે, પરંતુ એમ થયું નહીં. સોનાના ભાવને ઊંચે લઈ જવા માટે જે રિંગ બની છે એનાથી કોઈ અજાણ નથી પણ એ રિંગ વાસ્તવિક ડિમાન્ડને લાંબા ગાળા માટે ખતમ કરશે ત્યારે સોનાની ચમક તો રહેશે, પણ ઝવેરીઓ ઝાંખા પડી જશે. હીરાબજારમાં તો વરસમાં બે ચાર વાર ઉછળકૂદ થવી સ્વાભાવિક હોય છે અને એમાં અનેક હીરાવાળાઓ ઉઠી ગયા છે. તેમની પાસે આજે કાચનો કટકો પણ નથી. સોનાના ભાવ જોતાં કોઈ પણ માણસને એવો વિચાર આવવો સ્વાભાવિક છે કે તેણે સોનામાં રોકાણ કર્યું હોત તો એને ખૂબ નફો મળ્યો હોત, પરંતુ દરેક રોકાણકાર રોકાણ ક્યાં કરવું તેની અવઢવમાં રહેતો હોય છે. સફળતાની ખાતરી ક્યાંયથી મળતી નથી. કોરોના પહેલાં સોનુ ચાલીસ હજારે પહોંચ્યું હતું ત્યારે પણ એવી ચર્ચા ઉપડી હતી કે સોનુ હવે આસમાની કિંમતે પહોંચશે. એ પાછલી ધારણા સાચી પડી. જો કે સોનું ત્રીસ હજારે હતું ત્યારથી રિંગ બનવાની શરૂ થઈ હતી. હવે સોનુ કદાચ રોજ નવો નવો વિક્રમ સ્થાપે તો નવાઈ ન લાગવી જોઈએ, પરંતુ એ અવાસ્તવિક ભાવવધારો ગમે ત્યારે રિયલ એસ્ટેટની જેમ જ આખી બજારને પછાડશે. કારણ કે તમે ભાવ એટલા ઊંચે લઈ જાઓ કે બજારમાંથી ગ્રાહકો જ ગાયબ થઈ જાય તો તમારે તમારા દર્પણમાં જ પડેલા માલના મહામૂલ્ય પર એકલા એકલા હરખાવાનું, જે રીતે મહામૂલા કરોડોના ફ્લેટોને જોઈ ઉદાસ બિલ્ડરો હવે એકલા જ જાણે છે કે તેમની હાલત શું છે. રોકાણકાર એક પ્રકારનો ગ્રાહક છે અને વપરાશ કરનાર બીજા પ્રકારનો ગ્રાહક છે. રિયલ એસ્ટેટને જ્યારથી રિયલ ગ્રાહકને પડતો મૂકીને રોકાણકારોનું ઘેલું લાગ્યું ત્યારથી એના પતનની શરૂઆત થઈ તે પતન હજુ ચાલુ જ છે. અલબત્ત, અત્યારે તો સોનામાં જેણે જેણે રોકાણ કર્યું છે તેનું નસીબ ચાંદી જેવું ચમકતું થઈ ગયું છે. જોકે સોનામાં નાની મોટી ખરીદી કરનારાઓની ચિંતા વધી ગઈ છે. સોનાના ભાવ ક્યાં સુધી વધશે કે અચાનક ઘટી જશે તેની અટકળો ચાલી રહી છે. ફક્ત દેશ જ નહીં પણ દુનિયાભરની સોની બજારો અને તેમાં થતી હલચલ ઉપર નજર રાખવામાં આવે તો સોનાના ભાવ નજીકના ભવિષ્યમાં ઘટે એવા કોઈ અણસાર દેખાતા નથી. તો પણ એક હવા છે કે યુક્રેન અને રશિયા વચ્ચેના ચાલુ યુદ્ધને આધારે સોનામાં ગાબડાં પડી શકે છે. સોનાની ડિમાન્ડમાં ઘટાડો નહીં થાય, પણ જો સોનુ સસ્તું નહીં થાય તો બજારમાંથી તે એટલું પણ નહીં ઉપડે જેટલો તેનો ઉપાડ થવો જોઈતો હતો. આખી દુનિયામાં વ્યાજના દરો નીચા આવી ગયા છે. જમીન-મકાનના ભાવ પણ નીચે ઉતરે છે, કારણ કે કોરોનાએ ફુગ્ગાની જેમ ફુલાવેલા ભાવના રિયલ એસ્ટેટને ફક્ત તાળું મારવાનું જ બાકી રાખ્યું છે.

**આજકાલ ગમે તે તહેવારો હોય, એને યુવાનો બહુ મોટે પાયે ઉજવતા જોવા મળે છે, અને એમાં પણ હોળી એટલે એમનો મનગમતો તહેવાર!**

# યુવાનો અને ટીન એજનાં હૈયે ઉમંગ ઉત્સાહનાં ભાવની હેલી ચડાવતી, હોલી આઈ રેં! હોલી આઈ રેં!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**પૈસાદાર વર્ગ પોતાના ઘરે હોળી નિમિત્તે મોટી મોટી પાર્ટીઓ રાખે છે, અને એમાં નાસ્તાની સાથે સાથે ભાંગ, ઠંડાઈ, ગુલાબના શરબત વગેરે વાતાવરણને માદક બનાવવા માટે હોય છે**

આપના શ્રીચરણોમાં આમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ફાગણ ધીરે ધીરે આગળ ગતિ કરી રહ્યો છે, અને હોળીનો તહેવાર નજીક આવી રહ્યો છે. આજકાલ ગમે તે તહેવારો હોય, એને યુવાનો બહુ મોટે પાયે ઉજવતા જોવા મળે છે, અને એમાં પણ હોળી એટલે એમનો મનગમતો તહેવાર!: આમ તો હોળી ધુળેટી ને ઉંમર સાથે કંઈ લેવાદેવા નથી, બધી જ ઉંમરનાં આ તહેવાર હસી ખુશી અને મસ્તીથી ઉજવતાં જોવા મળે છે. પરંતુ આજકાલ સોશિયલ મીડિયા અને ટીવી તેમજ સિનેમા ગ્લેમરની દુનિયાને કારણે યુવાનો અને ટીન એજમાં આ તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. પૈસાદાર વર્ગ પોતાના ઘરે હોળી નિમિત્તે મોટી મોટી પાર્ટીઓ રાખે છે, અને એમાં નાસ્તાની સાથે સાથે ભાંગ, ઠંડાઈ, ગુલાબના શરબત વગેરે વાતાવરણને માદક બનાવવા માટે હોય છે, અને જો ઓરિજનલ ભાંગ હોય તો, એને આકાશમાં ઉડતા હોય એમ ફિલીંગ આવે! હોળી એટલે રંગોનો તહેવાર! હોળી એટલે મનમા ઉમંગ ઉત્સાહ વધારવાનો તહેવાર! અને હોળી એટલે થનગનતા હૈયામાં પ્રેમનાં રંગ ભરવાનો તહેવાર! તો આવો આજે આપણે ટીન એજનાં ખાસ ગુણ ઉમંગ વિશે ચિંતન કરીશું. આ અવસ્થા એ જીવનનો મહામૂલો સમય ગાળો છે, એમાં યુવક-યુવતી બંનેમાં કુદરતી રીતે જ વિજાતીય આકર્ષણનો પહેલો અનુભવ થાય છે. આ ઉપરાંત મિત્રતાનો પણ સાચો અર્થ સમજાય છે. ૧ થી ૧૨ વર્ષની ઉંમર ને બાલ્યાવસ્થા ગણવામાં આવતી, પણ દેશકાળ પ્રમાણે હવે એ દસ વર્ષ સુધી જ માંડ બાળ અવસ્થામાં રહે છે, બાકી ટીવી અને અન્ય પ્રસાધનો દ્વારા ધીરે ધીરે તે સમયગાળો ટૂંકો થતો ગયો છે, અને ૧૮ વર્ષ પહેલા તો એ પ્રેમને લગતી લગભગ બધી જ પ્રકારની આશા નિરાશાની ઉર્મિઓનો અનુભવ કરી ચૂકે છે. કોઈ કોઈ તો આ આ સમયગાળામાં દેહાકર્ષણ ને પ્રેમ સમજી જીવનસાથી પણ પસંદ કરી લે છે. ઘણીવાર તે માત્ર વિજાતીય આકર્ષણ રહેતા પાછળથી પસ્તાય પણ છે. આજકાલની દુનિયામાં તો બ્રેકઅપ એ એક સામાન્ય વાત થઈ ગઈ છે. પરંતુ મૂળ વાત ફીલિંગ ને જતાવવાની છે, અને એ આ ઉંમર દરમિયાન લગભગ નક્કી થઈ જાય છે. મોટેભાગે કિશોરવસ્થાનું જીવન હકારાત્મક હોય છે, જીવનમાં કંઈક કરી દેખાડવાનાનો ઉત્સાહ ઉમંગ અને જુસ્સાને જો યોગ્ય દિશા મળે તો, જીવન નિર્માણ પણ થઈ શકે. પ્રમાણમાં જો આર્થિક સદ્ધરતા હોય તો આ ઉંમર દરમિયાન ખૂબ રૂપિયા પૈસા પણ વપરાય, અને અવનવી બ્રાન્ડના કપડા, એસેસરીઝ, તથા મેકઅપનો ઉપયોગ કરી, તે આ સમયને માણે છે. પરંતુ આજકાલ પ્રમાણમાં આ સમયગાળો પહેલાંના આ સમયગાળા કરતા ઓછી સ્ફૂર્તિ વાળો દેખાય છે. સરખામણી કરવામાં આવે તો, શેરી રમત ઘટી જતાં જુસ્સો અને સ્ફૂર્તિ બંને ગયાં હોય એવું લાગે છે. બાલ્યાવસ્થામાં માત્ર નિર્દોષતા અને મસ્તી એ મુખ્ય ભાવ હોય, જ્યારે કિશોર અવસ્થામાં નિર્દોષતાનું પ્રમાણ ઘણું ઘટી જાય, અને કિશોર કે કિશોરી જીવનને પોતાના અનુભવ પ્રમાણે થોડું-ઘણું સમજી શકે. એટલે કે સામે વાળાનો ભરોસો કરી શકાય કે નહીં! તેવી થોડીક સમજ તેનામાં આવી જાય. જોકે આજકાલ કો એજ્યુકેશનને કારણે પહેલા કરતાં યુવક-યુવતી આરામથી મિત્રતા નિભાવી શકે છે, એટલે એમ પણ કહી શકાય કે આ એક સારુ પાસુ છે. દરેક તહેવારોની ઉજવણી પણ સ્કૂલ અને સ્કૂલ બહાર સાથે કરતા હોવાથી સમાન ભાવ કેળવાઈ જાય છે. ઊલટાનું ઘરના ટકોર કરતા હોય છે, કે તું યુવતી છો, તારે આમ ન કરાય,કે આમ ન જીવાય! મૂળમાં પોતાનો અનુભવ જોડી શીખામણ આપતા હોય છે, એટલે આ રીતે તો આપણે જ તેને આ ભેદ શીખવીએ છીએ, અને ક્યાંક જબરજસ્તી કરીને, એ વિજાતીય આકર્ષણ વધુ અનુભવે એવું કરતાં હોઈએ છીએ. ખેર એ બધું પણ વાલી હોવાને નાતે કરવું જ રહ્યું. આ ઉંમરના સ્વપ્ન પણ ગજબ હોય છે એટલે કે મહત્વાકાંક્ષા પણ વધુ દેખાય છે. કોઈને સાયન્ટિસ્ટ બનવું હોય, કોઈને કોઈને ડોક્ટર, કે કોઈને પ્રોફેસર, પણ એ ક્ષેત્રમાં સિદ્ધિ હાંસલ કરી અને અહીં તે આદર્શ સાબિત કરવા માંગે છે. એટલે કે અત્યાર સુધી તેની ભાવનામાં અનીતિ આવી હોતી નથી. પાસ થવું અને સફળ થવું એ બંને શબ્દાર્થ નો ભેદ તેને સમજાય છે, પાસ થવા ક્યારેક નાની મોટી ભૂલ કરી ચૂક્યા હોય, તો આગળ તે ન કરવા પણ કટિબદ્ધ થાય છે, અને પોતાના પ્રોફેશનમાં કેટલીયે શોધ કરી બદલાવ લાવવાનો ઉમંગ પણ તેનામાં દેખાય છે. એટલે કે પોતે શિક્ષક બની તેણે અનુભવેલ કોઈ વાત મુજબ શિક્ષણ પદ્ધતિમાં ફેરફાર કરીશ, વૈજ્ઞાનિક બનીને આવી આવી શોધ કરીશ, ડોક્ટર બની આ રોગની દવા શોધીશ, દર્દી સાથે આ રીતે વ્યવહાર કરીશ, મિકેનિકલ એન્જિનિયર બની માર્ગ અને મોટા મોટા બ્રિજ બનાવીશ, જેમાં ક્યાંય ભ્રષ્ટ નીતિ નહીં હોય. એટલે ટૂંકમાં એમ કહી શકાય કે, ફંડામેન્ટલ મોડેલ તો એકદમ પરફેક્ટ છે, પાયામાં ક્યાંય અનીતિ નથી. પરંતુ આ ઉમર મા જે વસ્તુઓ વાપરવાનો ક્રેઝ છે, તે આગળ જતાં જરૂરિયાત બની જાય છે, અને પરિવારના પોષણની જવાબદારી ખભે આવી જતાં, એ જરુરીયાત પૂરી કરવામાં કદાચ એમાંથી પછી દૂષણ આવી શકે. પણ જો પાયામાં નીતિના સંસ્કાર હોય, તો નીતિ મુજબ વધુ કમાવું એ ભાવ બરકરાર રહે છે. ઉમરનો ગમે તે મોડ હોય, પરંતુ સંસ્કાર એ બહુ મહત્વના છે, અને જીવનને સત્યના માર્ગ પરથી હટવા દેતા નથી. આધુનિક સમયમાં તો પશ્ચિમની રહેણી કરણીનો ખૂબ જોરશોરથી પ્રસાર છે, ઉપરાંત ત્યાંના યુવક-યુવતીઓના નીતિ નિયમ વગરના જીવનો, અને વિદેશમાં જઈએ તો રૂપિયા પણ ખૂબ કમાઈ શકીએ, એવી બધી નીતિઓ આજની યુવાનીને પશ્ચિમના દેશો તરફ દોરે છે, અને એટલે જે ભેજું દેશ માટે કાર્ય કરવા ગઈકાલ સુધી થનગનતું હતું, અને ભારત મારો દેશ છે,એ ભાવના સૌથી ઉપર હતી,તે ધીરે ધીરે નીચે જતી દેખાય છે. એટલે રૂપિયા પૈસાની ચકાચૌંધમાં અને પોતાની જરૂરિયાતો પૂરી કરવા, ક્યાંક પોતાની જવાબદારી પૂર્ણ કરવા, તો ક્યાંક વિદેશી સંસ્કૃતિ થી આકર્ષાઈને, તો અમુક લોકો અહીં કાર્યનું વળતર ઓછું મળે છે, એટલે કે કામ કરવાના રૂપિયા ઓછા મળે છે, એવા બધા કારણોસર વિદેશ તરફ જતા દેખાય છે. દેશ કે લીયે આગ તો આજ ભી થી સીને મેં, મગર હવાને રૂખ બદલ દિયા એ તરફ ફંટાઈ ગઈ, એના જેવો થોડો ઘણો ઘાટ થાય છે. પરંતુ દેશપ્રેમનું કે પરિવાર પ્રેમનું કે પછી વ્યક્તિગત પ્રેમનું ઈંધણ હોય તો આવું ન પણ થાય. પ્રકૃતિમાં પણ હવે તો ઋતુરાજ વસંત સાથે થનગનાટ કરી રહી છે, અને આંતરબાહ્ય બંને પ્રકૃતિમાં ઉમંગ ઉમંગ છવાઈ જશે. કેસુડો પણ ફાગણીયો ફાગ લાવી ઉમંગના આલાપ છેડશે, આમ્રકુંજ માં આંબે મોર જોઈ કોકિલ પણ ઉમંગથી મધુર ગાયન ગાશે, આ જોઈ મોર પણ થનગન થનગન નાચશે, ટૂંકમાં સૌને હોલી આઈ રેં! હોલી આઈ રેં! નાં ભણકારા વાગી રહ્યા છે. સૌના જીવન વસંતના ઋતુ પ્રભાવ હેઠળ ઉમંગ-ઉત્સાહથી જેમ ભરાય છે, તેમ ભરાયેલા રહે, અને એનો જીવન સાર સત્ય સમજી સૌ જીવન જીવે એવી, એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**જીવનમાં મુશ્કેલીઓ ચોક્કસ આવે છે પરંતુ ચિંતા કરવાથી કોઈ સમસ્યાનું સમાધાન નથી થઈ શકતું**

# આચાર-વિચાર શુદ્ધ હશે, ત્યાં ભક્તિને પુષ્ટિ મળશે, જીવન વિલાસમય થયું એટલે જ ભક્તિનો વિનાશ થયો છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ચિંતા આપણી વિચારવાની ક્ષમતાને અવરોધે છે અને આ અવરોધ આપણા દુઃખનું મૂળ છે, ચિંતાથી પીડિત વ્યક્તિ એક વાર નહિ પણ ઘણી વાર મૃત્યુ પામે છે, તે માત્ર એક જ વાર નહીં પરંતુ જીવનભર બળે છે**

ચિંતાની સૌથી મોટી આડઅસર એ છે કે ચિંતા કરવાથી આવનારી સમસ્યાનું નિરાકરણ નથી આવતું પરંતુ વર્તમાનની શાંતિને ચોક્કસ પણે ખલેલ પહોંચાડે છે. જીવનમાં મુશ્કેલીઓ ચોક્કસ આવે છે પરંતુ ચિંતા કરવાથી કોઈ સમસ્યાનું સમાધાન નથી થઈ શકતું. ચિંતા આપણી વિચારવાની ક્ષમતાને અવરોધે છે અને આ અવરોધ આપણા દુઃખનું મૂળ છે. ચિંતા થી પીડિત વ્યક્તિ એક વાર નહિ પણ ઘણી વાર મૃત્યુ પામે છે. તે માત્ર એક જ વાર નહીં પરંતુ જીવનભર બળે છે. જ્યારે કોઈ પણ સમસ્યા ઊભી થાય છે, ત્યારે તેને ઉકેલવા માટે વિચાર કરવો એ એકમાત્ર શાણો નિર્ણય છે. વિચારશીલ વ્યક્તિ માટે,કોઈક યા બીજી રીત ચોક્કસ પણે મળી જાય છે. તેની પાસે વિવેકબુદ્ધિ છે અને તે સમસ્યાથી ડરતો નથી પરંતુ મક્કમ રહે છે. સમસ્યાનો સામનો કરવો એટલે અડધી સફળતા હાંસલ કરવી. તેથી, ચિંતામાં નહીં પણ ચિંતનમાં જીવન જીવતા શીખો,કારણકે જ્યાં ચિંતન છે ત્યાં ચોક્કસ ઉકેલ છે અથવા ચોક્કસ માર્ગ છે. વ્યક્તિની અંદર હંમેશા કંઈક વિચાર અને કોઈ કંપની ચાલતી હોય છે. જો તમારે વિચારવું હોય અને કંપની રાખવી હોય તો શા માટે શ્રેષ્ઠ સાથે ન કરો. દુનિયામાં એવા ઘણા લોકો છે જે કોઈ પણ હેતુ વગર વિચારીને અને સામાજિકતા કરીને પોતાનું મન અને સમય બંને વેડફતા રહે છે. સારા વિચારો અને સંગત દ્વારા સકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે. દુનિયા આવા લોકોથી ભરેલી છે જેમનું પહેલાનું જીવન ખરાબ વલણોથી ભરેલું હતું પરંતુ સમય જતાં, યોગ્ય કંપની અને યોગ્ય વાતાવરણ સાથે, તેઓએ માત્ર પોતાને જ નહીં, પરંતુ લાખો લોકો માટે પ્રેરણાનો સ્રોત પણ બન્યા. જો તમને યોગ્ય સમયે અને યોગ્ય વ્યક્તિ પાસેથી યોગ્ય માર્ગદર્શન મળે તો પરિણામ પણ સારું આવે છે. સારી વૃત્તિઓ સારા વાતાવરણ માં જ જન્મે છે.જો સંજોગો તમારા પર હાવી હોય તો લાચાર ન બનો. સારા સાહિત્યને તમારો સાથી બનાવો અને તમારા વિચારોને નિશ્ચયમાં પરિવર્તિત કરીને શૂન્યથી શિખરે પહોંચો. આચાર-વિચાર શુદ્ધ હશે, ત્યાં ભક્તિને પુષ્ટિ મળશે. જીવન વિલાસમય થયું એટલે જ ભક્તિ નો વિનાશ થયો છે. ભાગવતશાસ્ત્ર મનુષ્યને કાળના મુખમાંથી છોડાવે છે, મનુષ્યને સાવધાન કરે છે. કાળના મુખમાંથી છૂટવા કાળના પણ કાળ શ્રીકૃષ્ણ ને શરણે જાવ.જે સર્વસ્વભગવાન ઉપર છોડે છે તેની ચિંતા ભગવાન પોતે કરે છે. પિતામહ ભીષ્મ મહાભારતના યુદ્ધમાં દુર્યોધનના ટોણાં સાંભળી પ્રતિજ્ઞા કરે છે કે, આવતીકાલે હું અર્જુનને મારીશ અથવા હું મરીશ, આથી બધા ગભરાયા. કારણ ભીષ્મપ્રતિજ્ઞા એટલે શું તે બધા જાણતા હતા. શ્રીકૃષ્ણ ભગવાનને પણ ચેન નથી. રાત્રે નિદ્રા ન આવી. અત્યારે અર્જુનની શું હાલત થશે એવો વિચાર આવતાં તેઓ અર્જુનના તંબૂમાં ગયા. જઈને જુએ છે તો અર્જુન તો શાંતિથી ઊંઘતો હતો. ભગવાને વિચાર્યું કે, ભીષ્મે આવી ભીષણ પ્રતિજ્ઞા કરી છે, છતાં આ શાંતિથી સૂતો છે. તેમણે અર્જુનને જગાડીને પૂછ્યું, તેં ભીષ્મની પ્રતિજ્ઞા સાંભળી. અર્જુન કહે,હા સાંભળી. શ્રીકૃષ્ણ કહે, અને છતાં તું આમ નિરાંતે ઊંઘે છે? તને મૃત્યુની બીક નથી, ચિંતા નથી? અર્જુન કહે, મારી ચિંતા કરનારો જાગે છે, એ જાણું છું એટલે હું નિરાંતે ઊંઘું છું. તે મારી ચિંતા કરશે. હું શા માટે ચિંતા કરું? અર્જુનની પેઠે બધું ઈશ્વર પર છોડો. મનુષ્યની ચિંતા જ્યાં સુધી ઈશ્વરને માથે ન છોડાય, ત્યાં સુધી તે નિશ્ચિંત થતો નથી. પ્રથમ સ્કંધમાં અધિકાર કથા કહી છે. અધિકાર સિદ્ધ થાય તો સંત મળે છે. અધિકાર વિના સંત મળે, તો તેના તરફ સદ્ભાવ જાગતો નથી. સંતને શોધવાની જરૂર નથી. શોધવાથી પ્રભુ કૃપા થશે નહીં. મન દુર્જન હશે ત્યાં સુધી સંત મળશે નહીં. સંત થશો તો સંત મળી આવશે. કેમ જોવું તે શીખવે એ સંત. સંત જોવાની દૃષ્ટિ આપે છે. સંસારના પદાર્થને જોવામાં આનંદ છે, ભોગવવામાં નથી. સંસાર એ ઈશ્વરનું સ્વરૂપ છે. તેથી જગતને ઈશ્વરમય નિહાળો, મહાપ્રભુજી એ વૈષ્ણવનું લક્ષણ બતાવ્યું છે કે, જેના દર્શનથી શ્રીકૃષ્ણ યાદ આવે તે વૈષ્ણવ. જેના સંગથી પ્રભુ યાદ આવે તે વૈષ્ણવ. શ્રીકૃષ્ણ-શુકદેવના દર્શનથી અપ્સરાઓમાં વૈરાગ્ય આવ્યો હતો અને શ્રીકૃષ્ણકથા પાછળ તેઓ પાગલ બની હતી. એનું નામ સંતદર્શન. એવા સંતો જગતમાં છે. સદગુરુનો અભાવ નથી પણ શિષ્ય નો અભાવ છે. જેનો અધિકાર સિદ્ધ થયો છે તેને સંત પુરુષ મળી આવે છે. મનુષ્ય સંત બને છે ત્યારે તેને સંત મળે છે. જેની આંખમાં ઈશ્વર છે તે સર્વમાં ઈશ્વરનો અનુભવ કરે છે.આ જગતમાં નિર્દોષ એક પરમાત્મા છે.સંતોમાં પણ એકાદ દોષ રહેલો હશે. આ બ્રહ્માજીની સૃષ્ટિ ગુણ દોષથી ભરેલી છે. જગતમ સર્વ પ્રકારે કોઈ સુખી થઈ શકતો નથી. સંસારના પ્રત્યેક પદાર્થમાં દોષ અને ગુણ પણ છે. દષ્ટિને એવી ગુણમય બનાવજો કે, કોઈના દોષ દેખાય નહીં.તમારી દૃષ્ટિ ગુણદોષથી ભરેલી હશે ત્યાં સુધી સંતમાં પણ તમને દોષ દેખાશે.માટે જ્ઞાન દૃષ્ટિથી જુઓ. બધું જગત બ્રહ્મ મય દેખાશે. જેગ દૃષ્ટિ ગુણમય છે તે જ સંત છે. અભિમાન આવે એટલે પતન થાય છે. સતત દીનતા આવે છે. જરૂરનું છે. મા બાળકને શણગારી બીજા લોકોની નજર ન લાગે એટલા માટે તેના ગાલ ઉપર મેસનું ટપકું કરે છે તેમ કદાચ ઈશ્વર પણ સંતોમાં તે ભક્તોમાં એકાદ દોષ રાખતો હશે. મનુષ્યમાં કોઈ દોષ ન રહે તો તેના મનમાં અભિમાન આવી જાય. માટે કોઈના દોષ જોશો નહીં. કોઈના પાપનો વિચાર કરશો નહીં કે વાણીથી તેનો ઉચ્ચાર કરશો નહીં. ઘર છોડવાથી સંત થવાય છે એવું નથી. ઘરમાં રહીને સંત થઈ શકાય છે. ઘરમાં રહીને ઈશ્વરને પ્રાપ્ત કરી શકાય છે. તુકારામ મહારાજ, એકનાથ, ગોપીઓ વગેરેએ ઘરમાં રહીને પ્રભુને પ્રાપ્ત કર્યા છે. ભગવાં કપડાં પહેરવાથી સંત થવાતું નથી. પરીક્ષિત રાજા એ મનને સુધાર્યું એટલે તેને શુકદેવજી મળ્યા.માનવજીવનનું લક્ષ્ય શું?પરમાત્મા. પરમાત્માનું દર્શન મિલન સંસારમાં જે આ લક્ષ્યને યાદ રાખે તે સંત. પ્રતિક્ષણે જે સાવધાન તે સંત. જેણે પોતાનું મન સુધાર્યું એ સંત છે. મનને સુધારશો તો તમે સંત થશો. મનને સુધારવાની જરૂર છે. જગત બગડ્યું નથી, આપણું મન બગડ્યું છે. મન ઉપર વિશ્વાસ ન રાખશો. મન ઉપર અંકુશ રાખો. આત્મા એ મનનો સાક્ષી છે, દૃષ્ટા છે. જે દિવસે મન શુદ્ધ છે, એવી સાથી આત્મા આપે તે દિવસ માનજો કે તમે સંત છો. મૃત્યુના સ્મરણથી મન સુધરે છે. મૃત્યુના વિસ્મરણથી મન બગડે છે. જે ઘડીએ પરીક્ષિત રાજાએ સાંભળ્યું કે, સાતમા દિવસે હું મરવાનો છું તે જ ઘડીએ તેના વિલાસી જીવનનો અંત આવ્યો. પરીક્ષિતને મૃત્યુની બીક લાગી અને તેનું જીવન સુધર્યું. મરણનું દુઃખ ભયંકર છે. જીવ શરીર છોડે છે, ત્યારે હજાર વીંછી એક સાથે ડંખ મારે ને જેટલી વેદના થાય તેટલી વેદના થાય છે. જન્મ પણ દુઃખ છે. વૃદ્ધાવસ્થા પણ દુઃખ, સ્ત્રી પણ દુઃખ છે, પણ એથી મોટું દુઃખ મરણ છે. માટે વેળાસર ચેતી જાઓ. આ દુઃખોને રોજ યાદ કરો. રોજ વિચારો કે, આજે યમદૂત મને લેવા આવે તો હું ક્યાં જઈશ. નરકમાં, સ્વર્ગમાં કે વૈકુંઠમાં?મૃત્યુનું નિવારણ કદી શક્ય નથી તો પાપ શા માટે કરો છો ? કેટલાક બહુ ડાહ્યા હોય છે.બશેર શાક લેવું હોય તો આખી બજાર ફરી શું લેવું તેનો વિચાર કરે છે,પણ મૃત્યુ નો વિચાર કરો છો? મૃત્યુને રોજ યાદ કરો,તો તમારું પાપ છૂટી જશે અને પાપ છૂટી જાય,ત્યારે માનજો કે તમે સંત છો. મનુષ્ય માને છે કે, હું પાપ કરું છું તે કોઈ જોતું નથી. પણ પાપપુણ્યના અનેક સાક્ષીઓ છે.

# સારા અલી ખાન પેટ દાઝ્યું હોવા છતા કર્યું રેમ્પ વોક

## ફિલ્મ મર્ડર મુબારક રિલીઝ થયા પછી હવે એ વતન મેરે વતન ને લઇને સારા અલી ખાન સતત ચર્ચામાં છે



બે ફિલ્મોના પ્રમોશનમાં વ્યસ્ત હતી અને આ દરમિયાન મારું પેટ દાઝ્યુ હતુ

સારા અલી ખાન ફિલ્મ 'મર્ડર મુબારક'ના રિલીઝ પછી લાઈમલાઈટ આવી ગઈ છે. એક્ટ્રેસ સારા અલી ખાન હંમેશા પર્સનલ લાઈફને લઈને સતત ચર્ચામાં રહેતી હોય છે, પરંતુ છેલ્લા થોડા મહિના પહેલાં પ્રોફેશનલ લાઈફને લઈને સતત ચર્ચામાં બનેલી છે. સારા અલી ખાન થોડા દિવસો પહેલાં પેટ પર દાઝી ગઈ હતી અને આ વાતની જાણકારી એક્ટ્રેસે પોતે સોશિયલ મિડીયામાં આપી હતી. આ કારણે સારા અલી ખાન અનેક તકલીફમાં છે. જો કે આ વચ્ચે બોલિવૂડની ટોપ એક્ટ્રેસમાંથી એક સારા અલી ખાન જેને કંઈક એવું કરી બતાવ્યુ છે જેના પછી લોકો એની હિંમતને દાદ આપી રહ્યા છે. અભિનેત્રી સારા અલી ખાને આ રેમ્પ વોક ઈવેન્ટમાં મસ્ત ટ્રેડિશનલ ડ્રેસમાં જોવા મળી, પરંતુ ખાસ વાત તો એ છે કે એક્ટ્રેસનો લુક નહીં, પરંતુ સારા અલી ખાનના પેટે લોકોનું ધ્યાન ખેંચ્યુ છે. સારાએ ગ્રે મોતીનો લહેંગો અને સ્ટાઈલિશ બ્રાલેટ પહેરીને રનવે પર બળેલા પેટ સાથે શાનદાર રેમ્પ વોક કર્યુ છે. આ રેમ્પ વોક કરીને સારા અલી ખાને દર્શકોનું દિલ જીતી લીધુ છે. આ વિડીયો જોઈને લોકો વખાણ કરી રહ્યા છે. આઉટફિટ વિશે મિડીયા સાથે વાત કરતા સારા અલી ખાને કહ્યું કે, મને બહુ સારી લાગી રહ્યું છે. વરુણે મને સમજાવ્યુ કે તુ મસ્ત લાગી રહી છે અને મને લાગે છે કે મારો લુક નહીં, પરંતુ લોકોને મારા સારા કામથી મતલબ છે. જે મને કરવુ છે. આ સાથે એક્ટ્રેસે આગળ એ પણ કહ્યું કે હું ગભરાયેલી હતી કારણકે હું કેટલાક દિવસોથી બે ફિલ્મોના પ્રમોશનમાં વ્યસ્ત હતી અને આ દરમિયાન મારું પેટ દાઝ્યુ હતુ. મને એવુ લાગ્યુ કે રેમ્પ પર હું કેવી રીતે બધાને ઈમ્પ્રેસ કરી શકીશ.

# વરરાજા પુલકિત સમ્રાટે લગ્નમાં અનોખી શેરવાની પહેરી હતી

## કૃતિ ખરબંદા અને પુલકિત સમ્રાટના વેડિંગ આઉટફિટ લોકોની વચ્ચે ચર્ચામાં બન્યો છે, કપલે કંઇક હટકે રીતે લગ્ન કર્યા છે



પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાની લગ્નની તસવીરો સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહી છે. પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાએ ૧૫ માર્ચ ૨૦૨૪ના રોજ ગુડગાંવમાં નજીકના દોસ્તો અને પરિવારની વચ્ચે લગ્નના બંધનમાં બંધાયા છે. જો કે હાલમાં પુલકિત સમ્રાટની લગ્નની શેરવાની ખૂબ વાયરલ થઈ રહી છે. પુલકિતની શેરવાનીએ એક-એક લોકોનું ધ્યાન ખેંચ્યુ છે. પુલકિત અને કૃતિનો લગ્ન લુક નહીં, પરંતુ વેડિંગ આઉટફિટ પણ ખાસ રીતે તૈયાર કરવામાં આવ્યા છે. એક્ટર પુલિકત સમ્રાટની શેરવાની પર ખાસ મંત્ર લખવામાં આવ્યો છે. યુનિક આઉટફિટને કારણે પુલકિત સતત ચર્ચામાં છે. કૃતિ ખરબંદા અને પુલકિત સમ્રાટના વેડિંગ આઉટફિટ લોકોની વચ્ચે ચર્ચામાં બન્યો છે. કપલે કંઈક હટકે રીતે લગ્ન કર્યા છે. કૃતિએ પિંક કલરનો લહેંગો પહેર્યો હતો જ્યારે પુલકિતે મિન્ટ ગ્રીન કલરની શેરવાની પહેરી હતી. કપલના વેડિંગ આઉટફિટ ડિઝાઈનર અનામિકા ખન્નાએ ડિઝાઈન કર્યા હતા. પુલકિત સમ્રાટની શેરવાનીએ લોકોનું ધ્યાન ખેંચ્યુ છે. પુલકિતે શેરવાનીમાં ગાયત્રી મહામંત્ર- ઓમ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ..લખ્યુ હતુ. જ્યારે કૃતિએ લહેંગામાં પર હેવી ફ્લોરલ એમ્બ્રોડરી કરાવી હતી. આમ કહી શકાય કે પુલકિતે આ ટાઈપની શેરવાની પહેરીને આખો ટ્રેન્ડ બદલી નાખ્યો છે. જાન્યુઆરીમાં પુલકિત અને કૃતિના એન્ગેજમેન્ટની તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ હતી. તેને ઈન્સ્ટાગ્રામ પર એક યુઝરે શેર કરી હતી. પુલકિતે આ ફોટોને પોતાની સ્ટોરી પર પણ શેર કરી હતી. આ તસવીરોમાં કપલના હાથમાં રિંગ જોવા મળી હતી. પરંતુ બંનેએ આ સમાચારને ઓફિશિયલી કન્ફર્મ કર્યા હતાં. ઉલ્લેખનીય છે કે પુલકિત સમ્રાટના આ બીજા લગ્ન છે. આ પહેલાં વર્ષ ૨૦૧૪માં શ્વેતા રોહિરા સાથે પુલકિતે લગ્ન કર્યા હતા, જેમને વર્ષ ૨૦૧૫માં તલાક લીધા હતા.

# અક્ષય-ટાઇગરનો ફની વિડીયો જોઇને હસી-હસીને પેટ દુખી જશે



અક્ષય અને ટાઇગર સ્ટારર બડે મિયાં છોટે મિયાં આ દિવસોમાં ફની વિડીયો લઇને સતત ચર્ચામાં બની રહે છે

અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફનો એક વિડીયો થોડા દિવસો પહેલાં સામે આવ્યો હતો જેમાં બડે મિયાં અક્ષય કુમારની સાથે સ્વિમિંગ પુલમાં ટાઈગર શ્રોફ એટલે કે છોટે મિયાંએ જબરી મજાક કરી હતી. આ સમયે સુપરસ્ટાર અક્ષય કુમારે વિડીયોમાં જોરદાર રિએક્શન આપ્યા હતા. આ વિડીયો શેર કરતા ટાઈગર શ્રોફે કેપ્શનમાં લખ્યુ હતુ કે હિસાબ બરાબર બડે..અક્ષય કુમાર આ વાતનો જવાબ આપતા હસતા-હસતા કહ્યું હતુ કે.. હિસાબ બરાબર નહીં છોટે.. હિસાબ યું હી ચલતા રહેગા. જો કે આ વચ્ચે અક્ષય કુમારે એક વિડીયો શેર કર્યો છે જેમાં ફની રિએક્શન જોવા મળી રહ્યા છે. અક્ષયે શેર કરેલો આ વિડીયો જોઈને તમે પણ ખડખડાટ હસી પડશો. બડે મિયાં છોટે મિયાંના આ ફની વિડીયોમાં ટાઈગર, અક્ષયને સ્ટંટ દરમિયાન મદદ કરતા જોવા મળે છે. ત્યારે ટાઈગર શ્રોફની મદદ કરવાનો વારો આવે છે તો અક્ષય કુમારને વારંવાર પૂછે છે કે શું તુ ખરેખર મને પકડી લઈશ? જો કે આવું એક વાર નહીં પરંતુ બેથી ત્રણ વાર પૂછતો વિડીયો જોવા મળી રહ્યો છે. ત્યારબાદ છોટે મિયાં ટાઈગર શ્રોફની સાથે સ્ટંટ દરમિયાન જે થાય છે એ તમે જોઈને ખડખડાટ હસી પડશો. અક્ષય કુમારે આ વિડીયો શેર કરતા લખ્યુ છે કે..છોટે રેડી, સોશિયલ મિડીયામાં આ વિડીયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફના આ નવા વિડીયોમાં સ્ટંટ દરમિયાન જેવી રીતે ટાઈગર શ્રોફ કુદે છે અને અક્ષય કુમાર સાથે હેલ્પ માંગે છે, પરંતુ બડે મિયાં સ્વિમિંગ પુલમાં પ્રેંક પછી પોતાના હિસાબ બરાબર કરવા માટે ટાઈગરની સાથે પ્રેંક કરતા એમના સ્ટંટ દરમિયાન મદદ કરતા નથી. જેવી રીતે ટાઈગર શ્રોફ કુદે છે ત્યારે અક્ષય કુમાર ત્યાંથી ચાલ્યો જાય છે. આ દિવસોમાં અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફનો આ ફની પ્રેંક વિડીયો લોકોની વચ્ચે છવાઈ ગયો છે. અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની ફિલ્મ બડે મિયાં છોટે મિયાંના સ્ટાર કાસ્ટ


### ૧૮ વર્ષની ઉંમરે મોડેલ તરીકેની કારકિર્દીની શરૂઆત કરી હતી

# સિધ્ધાર્થ મલ્હોત્રા મનોરંજન ઉદ્યોગની પથપ્રદર્શક સ્ટોરીની સ્ક્રિપ્ટ કરશે



અભિનેતા સિદ્ધાર્થ મલ્હોત્રા ૧૯-૨૦ માર્ચના રોજ નવી દિલ્હીમાં યોજાનારી માર્કી લીડરશિપ કોક્લેવની ચોથી આવૃત્તિ રાઈઝિંગ ભારત સમિટ ૨૦૨૪ માં વક્તાઓમાં સામેલ થશે, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભાગ લેશે. આ સમિટ (સંમેલન) ભારતની નોંધપાત્ર પરિવર્તનકારી સફરની ઉજવણી કરે છે, ત્યારે આગળ રહેલી પ્રચૂર સંભવિતતાને પણ સ્વીકારે છે. મલ્હોત્રાએ ૧૮ વર્ષની ઉંમરે મૉડેલ તરીકેની કારકિર્દીની શરૂઆત કરી હતી. પોતાની મૉડેલિંગ કારકિર્દીથી અસંતુષ્ટ, તેણે ૨૦૧૦માં આવેલી ફિલ્મ માય નેમ ઈઝ ખાન માટે કરણ જોહરના તાલીમાર્થી સહાયક દિગ્દર્શક તરીકે કામ કર્યું હતું. તેમણે જોહરની ટીન ડ્રામા, સ્ટુડન્ટ ઓફ ધ યર (૨૦૧૨)માં મુખ્ય ભૂમિકા સાથે અભિનયની શરૂઆત કરી હતી, જેના માટે તેમને બેસ્ટ મેલ ડેબ્યૂ નોમિનેશન માટે ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો. જ્યારે હસી તો ફસી, કપૂર એન્ડ સન્સ, અને બાર બાર દેખો જેવી ફિલ્મોએ તેને 'લવર બોય' ઈમેજ આપી હતી, તે ૨૦૨૧ માં શેરશાહ સાથે સ્ક્રીન પર એક નવા અવતારમાં આવ્યો હતો, જ્યાં તેણે કેપ્ટન વિક્રમ બત્રાની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મે તેને પ્રશંસા અપાવી હતી.

# વલ્લાહ હબીબી સોન્ગમાં અલાયા અને માનુષીનો અલગ એક્ટિંગ




અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની અપકમિંગ ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં'ને લઈને ફેન્સ સુપર એક્સાઈટેડ છે. અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ સતત આ દિવસોમાં આ ફિલ્મને લઈને ચર્ચામાં છે. ક્યારેક ફિલ્મનું ગીત તો ક્યારેક ટ્રેલર, ટીઝર અને પોસ્ટ રિલીઝ કરવામાં આવે છે જેને જોયા પછી ફેન્સ આ મુવીને લઈને સુપર એક્સાઈટેડ થઈ જાય છે. એક્શન પેક્ડ આ ફિલ્મનું નવુ ગીત રિલીઝ થયુ છે. આ ગીત દમદાર છે જેમાં અક્ષય કુમારની સાથે ટાઈગર શ્રોફ સાથે ફીમેલ લીડ રોલમાં માનુષી છિલ્લર અને અલાયા એફ નજરે પડી રહ્યા છે. બડે મિયાં છોટે મિયાં'નું નવુ સોન્ગ વલ્લાહ હબીબી રિલીઝ થયુ છે. આ ફિલ્મનું ત્રીજુ ગીત છે. અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ સ્ટાઈલિશ લુકમાં જોવા મળી રહ્યા છે. ચારે કલાકારોનો મસ્ત તાલમેલ જોવા મળી રહ્યો છે.

### આલિયા, દિપીકા નહીં નયનતારા છે ભારતની સૌથી મોંઘી હિરોઇન

# ૫૦ સેકન્ડની એડ કરવાના લે છે ૫ કરોડ


## અભિનેત્રી નયનતારાની પહેલી ફિલ્મ કોર્મિશયલ હિટ થઇ હતી, આમાં એની જોરદાર એક્ટિંગ સ્કિલ્સ પણ જોવા મળી હતી



બોલિવૂડથી લઈને સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સુધી આ એક્ટ્રેસનો સિક્કો ફેલાયેલો છે. થોડા સમય પહેલાં રિલીઝ થયેલી ફિલ્મથી માત્ર ભારતમાં નહીં, પરંતુ પુરી દુનિયામાં પોપ્યુલારિટી હાંસિલ કરી છે. શું તમે જાણો છો આ એક્ટ્રેસ ૫૦ સેકન્ડની એક એડ માટે ૫ કરોડ રૂપિયા લે છે? તો જાણો બે બાળકોની માતા આ એક્ટ્રેસ કોણ છે? આ એક્ટ્રેસે પાર્ટ-ટાઈમ મોડલ અને ટીવી હોસ્ટ રીતે કામ કર્યુ છે. એક્ટ્રેસે મલયાલમ ફિલ્મ મનાસિનાક્કરેથી ડેબ્યુ કર્યુ. પહેલી ફિલ્મ કોર્મિશયલ હિટ થઈ. આમાં એની જોરદાર એક્ટિંગ સ્કિલ્સ જોવા મળી હતી. આ એક્ટ્રેસ સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી આવે છે. આ એક્ટ્રેસના તોલે આલિયા ભટ્ટ અને દિપીકા પાદુકોણ પણ આવે નહીં. કેટરીના કૈફ હોય કે પછી કૃતિ સેનન. આ એક્ટ્રેસે લક્ષ્મી, તુલસી અને સિમ્હા જેવી તેલુગુ ફિલ્મોથી ઓડિયન્સનું દિલ જીતી લીધુ છે. આમ, તમને જણાવી દઈએ કે અમે વાત નયનતારાની કરી રહ્યા છે. નયનતારાને બે જુડવા બાળકો છે. નયનતારાનો પતિ ડાયરેક્ટર વિગ્નેશ શિવન છે. સરોગેસીથી માતા બની હતી. નયનતારા ભારતની હાઈએસ્ટ પેડ એક્ટ્રેસ છે. એક ફિલ્મ માટે ૧૧ કરોડ રૂપિયા ચાર્જ કરે છે. હાલમાં નયનતારાએ એક નવી બેન્ચમાર્ક સેટ કરી છે. એમને ૫૦ સેકન્ડની જાહેરાત માટે ૫ કરોડ રૂપિયા ચાર્જ કર્યા. એક રિપોર્ટ અનુસાર નયનતારાએ ટાટા સ્કાઈની સાથે એક ડીલ સાઈન કરી છે. આ હેઠળ એમને ૫૦ સેકન્ડની જાહેરાત માટે ૫ કરોડ રૂપિયા લીધા છે. આ જાહેરાત તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડમાં રિલીઝ થઈ. નયનતારાએ જવાન માટે ૧૧ કરોડ રૂપિયા ચાર્જ કર્યા હતા. એક્ટ્રેસ એકદમ મસ્ત લક્ઝુરિયસ લાઈફ જીવે છે. આ સાથે એક પ્રાઈવેટ જેટ પણ છે. આખરે, નયનતારાએ ફિલ્મ અન્નપૂર્ણીઃ ધ ગોડેસ ઓફ ફૂડમાં જોવા મળી. ફિલ્મ જ્યારે ઓટીટી પર રિલીઝ થઈ ત્યારે અનેક વિવાદ તયો હતો.

# એક્ટિંગ નહીં, કિસ્મતે મને સ્ટાર બનાવ્યો : મિથુન ચક્રવર્તી, એક ફિલ્મથી રાતોરાત બન્યો સુપરસ્ટાર

## આ એક્ટરે વર્ષ ૧૯૮૯માં એવો રેકોર્ડ બનાવ્યો હતો કે તેણે રાજેશ ખન્નાને પણ પાછળ છોડી દીધા હતા




શ્રીદેવી અને પદ્મિની કોલ્હાપુરે સાથે ઘણી હિટ ફિલ્મોમાં જોવા મળેલા એક્ટર ૧૯૮૨માં એક ફિલ્મથી માત્ર દેશમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ ઘણી નામના મેળવી હતી. બહુ ઓછા લોકોને પોતાની પહેલી ફિલ્મથી આટલી સફળતા મળે છે. આ એક્ટરે વર્ષ ૧૯૮૯માં એવો રેકોર્ડ બનાવ્યો હતો કે તેણે રાજેશ ખન્નાને પણ પાછળ છોડી દીધા હતા. મિથુન ચક્રવર્તીએ વર્ષ ૧૯૭૭માં ફિલ્મ 'મૃગ્યા'થી એક્ટિંગની દુનિયામાં પ્રવેશ કર્યો હતો. કરિયરની પહેલી ફિલ્મથી જ તેને અલગ ઓળખ મળી હતી. પરંતુ તેને હજુ સુધી તે મુકામ મળવાનું બાકી હતું જેનો તે હકદાર હતો. તેમને આ મુકામ વર્ષ ૧૯૮૨માં મળ્યું હતું. ૧૯૮૨માં બી સુભાષના ડાયરેક્શનમાં બનેલી બ્લોકબસ્ટર ફિલ્મ ડિસ્કો ડાન્સરથી મિથુન રાતોરાત સ્ટાર બની ગયા હતા. તેમની આ ફિલ્મ ૧૦૦ કરોડની કમાણી કરનાર પહેલી ફિલ્મ સાબિત થઈ હતી. ખુદ મિથુન પણ માની શકતા ન હતા કે તેમની ફિલ્મે આટલી જબરદસ્ત કમાણી કરી છે. આ ફિલ્મથી મિથુનના કરિયરને પણ એક નવી દિશા મળી. આ ફિલ્મ દ્વારા લોકો માત્ર દેશમાં જ નહીં વિદેશમાં પણ પોતાની ઓળખ બનાવવામાં સફળ રહ્યા હતા. આ સ્થાને પહોંચતા પહેલા તેણે ઘણી ફ્લોપ ફિલ્મોનો સામનો કર્યો હતો. ત્યારે જ તે આ સ્થાન સુધી પહોંચી શક્યો. એક્ટિંગની દુનિયામાં આવતા પહેલા કેટલાક મેકર્સે મિથુનને તેના લૂકના કારણે ફિલ્મોમાં કામ આપવાનો ઈનકાર કરી દીધો હતો. આ એક્ટરે વર્ષ ૧૯૮૯માં એવો રેકોર્ડ બનાવ્યો હતો કે તેણે રાજેશ ખન્નાને પણ પાછળ છોડી દીધા હતા. સ્ક્રીન પરના વિચિત્ર એક્શન અને સામાન્ય ભાષાના ડાયલોગ્સે મિથુન ચક્રવર્તીને આમ આદમીનો હીરો બનાવી દીધો હતો. એક્ટિંગની દુનિયામાં નામ કમાતા પહેલા મિથુને લાંબો સમય મુંબઈની ગલીઓમાં વિતાવ્યો હતો. મિથુન ચક્રવર્તીએ એક્ટિંગ, સ્ટોરી અને પરફેક્શન કરતાં કિસ્મત પર વધુ વિશ્વાસ કર્યો છે. પોતાના એક જૂના ઈન્ટરવ્યુમાં તેણે પોતે કહ્યું હતું કે જો તે આજે આ મુકામ સુધી પહોંચવામાં સફળ થયા છે તો તેની પાછળ કિસ્મતનો હાથ છે. તે માને છે કે એક્ટિંગ બતાવવાની તક પણ કિસ્મતથી મળી હતી. જો કિસ્મત ન હોય તો એક્ટિંગ પણ કંઈ કરી શકતી નથી. જણાવી દઈએ કે મિથુને પોતાના કરિયરમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા છે. વર્ષ ૧૯૮૯માં જ્યાં તેણે એક વર્ષમાં ૧૭ ફિલ્મોમાં કામ કરીને રાજેશ ખન્નાને ટક્કર આપી. એક સમય એવો હતો કે જ્યારે તેને ઘર ચલાવવા માટે બી ગ્રેડની ફિલ્મોમાં કામ કરવું પડતું હતું.

### ધનશ્રી વર્મા ફોટોને લઈને સોશિયલ મીડિયા પર ઘણી ટ્રોલ થઈ હતી

# વાયરલ ફોટો પર ટ્રોલિંગને લઈને ગુસ્સે થઈ ધનશ્રી વર્મા

ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ અને કોરિયોગ્રાફર ધનશ્રી વર્મા પાવર કપલ છે. બંને ઘણીવાર ઈન્સ્ટાગ્રામ રીલ્સમાં સાથે જોવા મળે છે. ધનશ્રી ટ્રોલ્સના નિશાન પર રહે છે. હાલમાં જ તેનો એક ફોટો સામે આવ્યો હતો જેમાં તે કોરિયોગ્રાફર પ્રતીક ઉત્તેકર સાથે જોવા મળી હતી. તેનો આ ફોટો વાયરલ થયો હતો. યુઝર્સે તેને તેને ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું. ધનશ્રીએ હવે એક વીડિયો શેર કરીને ટ્રોલિંગ વિશે વાત કરી છે. ધનશ્રીએ કહ્યું કે આ બધાથી તેને ફરક પડે છે. ધનશ્રીએ કહ્યું, 'હું મારા જીવનમાં ક્યારેય ટ્રોલ્સ અથવા મીમ્સથી પ્રભાવિત નથી થઈ કારણ કે જ્યાં સુધી તે તાજેતરમાં બન્યું ત્યાં સુધી હું તેને અવગણતી હતી અથવા મોટેથી હસતી હતી. મારી પાસે ચોક્કસપણે ઘણી મેચ્યોરિટી હતી. આ વખતે તેની મારા પર અસર થવાનું કારણ એ છે કે તેનાથી મારા પરિવાર અને મારા નજીકના લોકો પર અસર પડી છે. તમને બધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તમારા વિચારો વ્યક્ત કરવાની આઝાદી છે, તેથી તમે મારી અને મારા પરિવારની લાગણીઓને ભૂલી જાઓ અથવા અવગણશો. આ કારણે મેં સોશિયલ મીડિયાથી દૂર રહેવાનું નક્કી કર્યું અને મારા પર વિશ્વાસ કરો તે ખૂબ જ શાંતિપૂર્ણ હતું.

ધનશ્રીએ આગળ કહ્યું, 'આનાથી મને એ પણ અહેસાસ થયો કે જો આપણે આ માધ્યમને આટલું નેગેટિવ બનાવીશું તો આપણે નફરત ફેલાવી રહ્યા છીએ. સોશિયલ મીડિયા મારા કામનો મોટો ભાગ છે અને હું તે કરી શકતી નથી. આ કારણે આજે મેં હિંમત ભેગી કરી અને મારો પક્ષ રજૂ કરવા ઈન્સ્ટાગ્રામ પર આવી. તમે લોકોને થોડા વધુ સંવેદનશીલ બનવા વિનંતી છે. તમારા ટેલેન્ટ અને સ્કિલ પર ધ્યાન કેન્દ્રિત કરો કારણ કે દિવસના અંતે અમે બધા તમારું મનોરંજન કરવા માટે અહીં છીએ. બસ એ ભૂલશો નહીં કે હું પણ એક સ્ત્રી છું, જેમ કે તમારી માતા, તમારી બહેન, તમારી મિત્ર, તમારી પત્ની. આ યોગ્ય નથી. મિત્રો, તમે જાણો છો કે હું એક ફાઈટર તરીકે જાણીતી છું અને હું ક્યારેય હાર માનતી નથી.



# બોલીવુડમાં એન્ટ્રી કરશે પીઢ સિંગરની પૌત્રી જનાઈ ભોંસલે



ફિલ્મ 'ધ પ્રાઈડ ઓફ ઈન્ડિયા-છત્રપતિ શિવાજી મહારાજ'માં જનાઈ રાણી સાઈ ભોસલેની ભૂમિકા ભજવશે. આ સુંદરી બીજું કોઈ નહીં પણ આશા ભોંસલેની પૌત્રી છે. જનાઈ ૨૨ વર્ષની છે. તેનો જન્મ ૧૬ જાન્યુઆરી ૨૦૦૨ના રોજ થયો હતો. અભિનયની દુનિયામાં જનાઈ ભલે નવું નામ હોય, પરંતુ તે એક લોકપ્રિય ગાયિકા છે. છત્રપતિ શિવાજી મહારાજ' એક મહાકાવ્ય હશે, જે તેમના જીવનના અસ્પૃશ્ય પાસાઓ, ખાસ કરીને તેમની પત્ની રાણી સાઈ ભોસલેના જીવનને દર્શાવશે. જનાઈના પિતા આનંદ ભોસલે અને માતા અનુજા છે, જેણે સ્વિટ્ઝરલેન્ડથી અભ્યાસ કર્યો છે. એક નાનો ભાઈ રંજાઈ ભોસલે પણ છે. જનાઈ દેશના પ્રથમ ટ્રાન્સજેન્ડર બેન્ડ '૬ પેક'ની સભ્ય છે. ગાયક અને સંગીતકાર હોવા ઉપરાંત જનાઈ એક ડાન્સર પણ છે. ૨૦૧૬માં તે ઈંગ્લેન્ડના બર્મિંગહામમાં એક ડાન્સ શોમાં પરફોર્મ કરતી જોવા મળી હતી. વર્ષ ૨૦૧૭માં જનાઈએ પોતાનો બિઝનેસ શરૂ કર્યો. તે મુંબઈમાં 'Apple' રિસેલર સ્ટોર 'iAzure'ની માલિક છે. તે જ વર્ષે તેણે તેનું પહેલું ગીત પણ રજૂ કર્યું. જનાઈ તેની દાદી આશા ભોસલે સાથે ઘણા લાઈવ મ્યુઝિક શો કર્યા છે. તેણીએ 'તેરા હી એહસાસ હૈ' નામનું ભક્તિ ગીત પણ ગાયું છે.

# ઝાલોદ તાલુકાના ઠુઠી ચેકપોસ્ટ પરથી ૫૬૩૯૨ નો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડતી પોલીસ : આરોપી ફરાર



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૮ ।

હાલ ઝાલોદ નગરમાં હોળીના તહેવાર તેમજ લગ્નસરાની સિઝન આવનાર હોઈ બુટલેગરો દ્વારા નગરમાં દારૂનો જથ્થો ન ઘુસાડી શકે તે માટે ડી.વાય.એસ.પી પટેલ દ્વારા સતત પેટ્રોલીંગ કરી ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા આદેશ આપેલ છે. ઝાલોદ પોલીસ ઠુઠી ચેકપોસ્ટ પર પેટ્રોલીંગમા હતી તે સમયે પી.એસ.આઈ માળી અને સે.પો.સ.ઈ સીસોદીયાને બાતમી મળેલ હતી કે રાજસ્થાનના ડુંગરા તરફથી એક નંબર વગરની જ્યુપિટર ગાડી પર વિદેશી દારૂનો જથ્થો લઈને આવનારની બાતમી મળેલ હતી.

બાતમી વાળું વાહન આવતા પોલીસ દ્વારા જ્યુપિટર ગાડી રોકવાનો પ્રયાસ કરાતાં ચાલક દ્વારા ગાડી વળાવી નાસી છૂટવાની કોશિશ કરવામાં જતા ચાલક દ્વારા બેલેન્સ ન રહેતા તે ગાડી પડી જતાં જ્યુપિટર ચાલક રાજેશ ભીખા ગરાસીયા (ઠુઠી કંકાસીયા, ઝાલોદ) તેમજ અન્ય એક આરોપી દાઉદ ગજરા ડામોર (મઘાનીસર, ઝાલોદ) વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે. પોલીસ દ્વારા વધુ તપાસ કરાતા આ માલ મઘાનીસર ખાતે લઈ જવામાં આવનાર હોવાનું માલુમ પડેલ હતું. પોલીસ દ્વારા ૨૮૮ વિદેશી દારૂની બોટલો જેની કિંમત ૩૧૩૯૨ અને જ્યુપિટર ગાડીની કિંમત ૨૫૦૦૦ થઈ કુલ ૫૬૩૯૨ રુપિયાનો વિદેશી દારૂ સાથેનો મુદ્દામાલ ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળેલ હતી.

# દિવ્યાંગજન અને વરિષ્ઠ નાગરિક મતદારો માટે મતદાર માર્ગદર્શિકા શરૂ કરવામાં આવી



। નવી દિલ્હી, તા.૧૮ ।

એક પ્રકારની પોતાની વિશેષ પ્રથમ પહેલમાં, ભારતીય ચૂંટણી પંચ (ECI) એ મતદાતા શિક્ષણ અને સમાવેશીતાને પ્રોત્સાહન આપવા માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના (BCCI) સહયોગથી ભારતીય બધિર ક્રિકેટ સંઘ (IDCA) ટીમ અને દિલ્હી અને જિલ્લા ક્રિકેટ એસોસિએશન (DDCA) ટીમ વચ્ચે એક પ્રદર્શની ક્રિકેટ મેચનું આયોજન કર્યું હતું. આ મેચ ૧૬ માર્ચ, ૨૦૨૪ના રોજ નવી દિલ્હીના કરનૈલ સિંહ સ્ટેડિયમમાં યોજાઈ હતી. આ પ્રસંગે, જાણીતા પેરા-તીરંદાજ અને અર્જુન પુરસ્કાર મેળવનાર કુ. શીતલ દેવીનu PwD કેટેગરીમાં નેશનલ આઈકોન જાહેર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી રાજીવ કુમાર અને ચૂંટણી કમિશનર શ્રી જ્ઞાનેશ કુમાર અને શ્રી સુખબીર સિંહ સંધુએ વિજેતા ટીમનું સન્માન કર્યું હતું. જાણીતા ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર, નિખિલ ચોપરાને પણ DDCA અને IDCA ના અધિકારીઓ સાથે વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા.

આ ક્રિકેટ મેચે CEC શ્રી રાજીવ કુમાર દ્વારા ભારતીય બધિર ક્રિકેટ ટીમ પ્રત્યે દાખવવામાં આવેલી પ્રતિબદ્ધતતાનું ઉદાહરણ છે. તેમણે ૨૦૨૨માં આંતરરાષ્ટ્રીય PwDs દિવસની પૂર્વસંધ્યાએ UAEમાં આયોજિત T20 ચેમ્પિયન્સ ટ્રોફી જીતીને રાષ્ટ્રનું નામ રોશન કરવા બદલ તેમને સન્માનિત કર્યા. તેમણે તે વાતનો ઉલ્લેખ કર્યો હતો કે “ECI ભારતીય બધિર ક્રિકેટ એસોસિએશનની ટીમની મુખ્ય પ્રવાહની ક્રિકેટ ટીમો સાથેની મેચને સ્પોન્સર કરવાની શક્યતાઓની શોધ કરશે.”

બંને ટીમોએ ૨૫૦૦ દર્શકોની ભીડને મનોરંજન અને રોમાંચિત કરવા માટે જુસ્સાદાર પ્રદર્શન કર્યું હતું, જેમાં વિવિધ કેટેગરીના પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ (PwDs) અને યુવા મતદારોનો સમાવેશ થયા હતા. DDCAની ટીમે આ મેચમાં ૬૯ રનથી જીત મેળવી હતી (સ્કોરકાર્ડ- DDCA ૧૯૦/૫; IDCA - ૧૨૧/૮) આ મેચમાં સમાવેશીતા અને એકતાનો સંદેશ હતો. ‘મતદાન જેવું કંઈ નથી, હું નિશ્ચિતરુપે મત આપું છું’નો સંદેશ સમગ્ર કાર્યક્રમ દરમિયાન જોર-શોરથી ગુંજતો રહ્યો હતો. તે સમાવેશીતા અને સશક્તિકરણ પ્રત્યે ECIની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે અને વિકલાંગ સાથી મતદારોને ચૂંટણી પ્રક્રિયામાં નોંધણી અને ભાગ લેવા માટે પ્રેરણા આપશે. મેચનું સમાપન ‘શાઈનિંગ સ્ટાર મ્યુઝિક બેન્ડ’ના મનમોહક પ્રદર્શન સાથે થયું - જે દષ્ટિહીન લોકોને દર્શાવતું બેન્ડ છે.

ઈવેન્ટ દરમિયાન, કમિશને PwDs અને વરિષ્ઠ નાગરિક મતદારો માટે સમર્પિત મતદાર માર્ગદર્શિકા લોન્ચ કરી. વ્યાપક પુસ્તિકા PwDs અને વરિષ્ઠ નાગરિકો માટે ઉપલબ્ધ આવશ્યક જોગવાઈઓની રૂપરેખા આપવામાં આવી, જેમાં મતદાન મથકો પર માળખાકીય, માહિતીપ્રદ અને પ્રક્રિયાગત વિગતો તેમજ પોસ્ટલ બેલેટ માટે લાગુ પડતી અને પ્રક્રિયા પણ સામેલ છે, જેનાથી એક સરળ અને આનંદદાયક મતદાન અનુભવની સુવિધાનો સમાવેશ થાય છે.

આ પગલાં પીડબલ્યુડીઓ પ્રત્યે કમિશન દ્વારા હાથ ધરવામાં આવેલી મુખ્ય પહેલને અનુસરે છે. જેમાં અન્ય બાબતોની સાથે, બેન્ચમાર્ક દિવ્યાંગજનો માટે વૈકલ્પિક ઘરેલૂ મતદાન સુવિધા, દિવ્યાંગ વ્યક્તિઓના મતદાન મથક મુજબનું મેપિંગ, મતદાનના દિવસે મફત પરિવહનની જોગવાઈ, તમામ મતદાન મથકો પર દિવ્યાંગતા-વિશિષ્ટ સુવિધાઓ અને રાજ્ય અને જિલ્લા PwD આઈકન, જાગૃતિ અભિયાન, સક્ષમ ECI એપ, બ્રેઈલ સક્ષમ EPICs અને EVM મતદાન મથકો પર સુલભતા ચેકલિસ્ટ, નિમણૂકનો સમાવેશ થાય છે.

ભારતના ચૂંટણી પંચને વિશ્વાસ છે કે આવી પહેલો આગામી સામાન્ય ચૂંટણીઓમાં ખાસ કરીને યુવાનો અને દિવ્યાંગ વ્યક્તિઓમાં મતદારની ભાગીદારીમાં નોંધપાત્ર વધારો કરશે. ચૂંટણી પંચે દિશાનિર્દેશો અને સમાવિષ્ટ પગલાંની રૂપરેખાને સાવધાનીપૂર્વક ડિઝાઈન કરી છે અને પંચ લોકતંત્ર સુનિશ્ચિતત કરવા માટે પ્રતિબદ્ધ છે. ઈન્ડિયન સાઈન લેંગ્વેજ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ સેન્ટર (ISLRTC) ના વિદ્યાર્થીઓ દ્વારા સાંકેતિક ભાષામાં રાષ્ટ્રગીતની ભાવપૂર્વક પ્રસ્તુતિ બાદ આ ઈવેન્ટ સમાપ્ત થઈ હતી.

# એડમિરલ આર.એલ. પરેરા, પીવીએસએમ, એવીએસએમ (૧૯૨૩-૧૯૯૩)ની શતાબ્દી ઉજવણી



। નવી દિલ્હી, તા.૧૮ ।

એડમિરલ આર.એલ. પરેરા, પીવીએસએમ, એવીએસએમ (૧૯૨૩-૧૯૯૩) ની શતાબ્દી ઉજવણીને અનુલક્ષીને, ભારતીય નૌકાદળ અને સેન્ટ જોસેફ સ્કૂલ (નોર્થ પોઈન્ટ), દાર્જિલિંગે સંયુક્ત પણે ૧૫ માર્ચ ૨૪ના રોજ શાળા કેમ્પસમાં સ્મારક કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.

એડમિરલ પરેરા, જેને પ્રેમથી ‘રોની પી’ તરીકે ઓળખવામાં આવે છે, તેઓ ૧૯૭૯માં નૌકાદળના ૯મા વડા બન્યા, ૧૯૩૨-૩૭ની વચ્ચે શાળાના પૂર્વ વિદ્યાર્થી હતા. શાળાએ ફૂટબોલ ટૂર્નામેન્ટ અને નિબંધ લેખન સ્પર્ધા યોજીને એડમિરલની સ્મૃતિની ઉજવણી કરી હતી.

આ પ્રસંગને શાળામાં ઉત્સવો સાથે ચિહ્નિત કરવામાં આવ્યા હતા અને નૌકાદળના મુખ્ય મથકના અધિકારીઓની એક ટીમ ઉજવણીમાં જોડાઈ હતી. સીડીઆર અનુપ થોમસે એડમિરલ પરેરાના જીવન અને સમય વિશે વાત કરી હતી અને સીડીઆર ગુરબીર સિંહે ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓના મેળાવડાને ભારતના દરિયાઈ ઈતિહાસ અને નૌકાદળમાં કારકિર્દીની રોમાંચક તકો વિશે માહિતી આપી હતી. મુલાકાતી અધિકારીઓએ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સાથે વાતચીત પણ કરી હતી તથા ભારતીય નૌકાદળમાં કારકિર્દીની તકો વિશે તેમના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. આ પ્રસંગે ભારતીય નૌકાદળે પણ અઢી લાખ રૂપિયાનો ચેક શાળાને અર્પણ કરીને એડમિરલની યાદમાં ‘રોલિંગ સ્પોર્ટ્સ ટ્રોફી’ અને સ્કોલરશિપ ની સ્થાપના કરી હતી. મુલાકાતી અધિકારીઓ અને ફેકલ્ટીએ એડમિરલ આર.એલ. પરેરાની યાદમાં એક વૃક્ષ પણ રોપ્યું હતું. શાળાના પ્રિન્સિપાલ અને રેકટર ફાધર સ્ટેનલી વર્ગીઝે નૌકાદળના અધિકારીઓનું સન્માન કર્યું હતું.

# ભારતીય સૈન્યની ટુકડી સંયુક્ત સૈન્ય કવાયત “કવાયત લમિતીયે - ૨૦૨૪” માટે સેશેલ્સ જવા રવાના



। નવી દિલ્હી, તા.૧૮ ।

ભારતીય સેના અને સેશેલ્સ સંરક્ષણ દળો (એસડીએફ) વચ્ચે સંયુક્ત સૈન્ય કવાયત “એલએમઆઈટીઆઈવાયઈ-૨૦૨૪”ની દસમી આવૃત્તિમાં ભાગ લેવા માટે ભારતીય સૈન્યની ટુકડી આજે સેશેલ્સ જવા રવાના થઈ હતી. આ સંયુક્ત કવાયત ૧૮થી ૨૭ માર્ચ, ૨૦૨૪ સુધી સેશેલ્સમાં હાથ ધરવામાં આવશે. ક્રેઓલ ભાષામાં ‘લેમિટીવાય’ અર્થાત્ ‘ફ્રેન્ડશિપ’ એ દ્વિવાર્ષિક તાલીમ કાર્યક્રમ છે અને ૨૦૦૧થી સેશેલ્સમાં તેનું આયોજન કરવામાં આવે છે. આ કવાયતમાં ભારતીય સેનાની ગોરખા રાઈફલ્સ અને સેશેલ્સ ડિફેન્સ ફોર્સિસ (એસડીએફ)ના ૪૫-૪૫ જવાનો ભાગ લેશે. આ કવાયતનો ઉદ્દેશ્ય શાંતિ જાળવણી કામગીરીઓ પર સંયુક્ત રાષ્ટ્રનાં ચાર્ટરનાં સાતમા પ્રકરણ હેઠળ અર્ધ-શહેરી વાતાવરણમાં પેટા-પરંપરાગત કામગીરીમાં આંતરવ્યવહારિકતા વધારવાનો છે. આ કવાયત શાંતિ જાળવવાની કામગીરીઓ દરમિયાન બંને પક્ષો વચ્ચે સહકાર અને આંતરવ્યવહારિકતામાં વધારો કરશે. આ કવાયત બંને સેનાઓ વચ્ચે કૌશલ્ય, અનુભવો અને સારી પદ્ધતિઓના આદાનપ્રદાન ઉપરાંત દ્વિપક્ષીય સૈન્ય સંબંધોનું નિર્માણ અને પ્રોત્સાહન પણ આપશે. બંને પક્ષો નવી પેઢીના ઉપકરણો અને ટેકનોલોજીનો ઉપયોગ અને પ્રદર્શન કરતી વખતે, અર્ધ-શહેરી વાતાવરણમાં સામનો કરી શકાય તેવા સંભવિત જોખમોને તટસ્થ કરવા માટે સુવિકસિત વ્યૂહાત્મક કવાયતોની એક શૃંખલાને સંયુક્તપણે તાલીમ, આયોજન અને અમલ કરશે. ૧૦ દિવસ સુધી ચાલનારી આ સંયુક્ત કવાયતમાં ફિલ્ડ ટ્રેનિંગ એક્સરસાઈઝ, લડાયક ચર્ચાઓ, વ્યાખ્યાનો અને નિદર્શન સામેલ છે, જે બે દિવસની માન્યતા કવાયત સાથે પૂર્ણ થાય છે.











ભારતીય જનતા પાર્ટી હિન્દુ ધર્મની આસ્થાની વાતો કરે છે જ્યારે અમદાવાદના વિરાટ નગર વિસ્તારમાં આવેલ ૧૦૦ વર્ષ જૂનું મામાદેવ મંદિરને તંત્ર દ્વારા તોડવાનો પ્રયત્ન કર્યો હતો. આ અનુસંધાને મંદિરના સેવક અને પૂજારીએ કૉર્પોરેશનને વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડવા માટે દરખાસ્ત કરી હતી. બીજા દિવસે મંદિરમાં ચાલુ પ્રાર્થનામાં કોર્પોરેશન દ્વારા મંદિરને તોડવાનો પ્રયત્ન કર્યો હતો. જેનો વિરોધ કરવા મંદિરના પૂજારી, સેવકો, કોર્પોરેટર જગદીશ રાઠોડ, કોર્પોરેટર સલીમભાઈ સાબુવાલા અને પૂર્વ કોર્પોરેટર રણજીતસિંહ બારોટ સાથે પૂર્વ ઝોન મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફિસનું ઘેરાવ કરવામાં આવેલ અને કોર્પોરેશનના અધિકારીઓને જણાવવામાં આવેલ કે જો ફરીથી મંદિરને તોડવાનો પ્રયત્ન કરવામાં આવશે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# થરા પરાગ પેટ્રોલ પંપ પાસે કોલસા ભરી જતી ટ્રક ચાલકે સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૧૮ ।


કાંકરેજ તાલુકાના થરા નગર પાલિકા વિસ્તારમાં નેશનલ હાઈવે નં.૨૭ પર ગઈ તા.૧૭/૦૩/૨૦૨૪ ના રાત્રે નવ વાગે કંડલા કચ્છ તરફથી કોલસીભરીને બ્યાવર જઈ રહેલ ટ્રક નં.આર.જે.૫૨ જી.એ. ૮૬૩૪ ના ડ્રાઈવરે સ્ટરિંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક ડીવાઈડર કૂદી રોંગ સાઈડમાં રોડની સુરક્ષા જાળી તોડી પરાગ પેટ્રોલ પંપ પાસે સર્વિસ રોડ ઉપર માટીના માટલાં વેચાતા પ્રજાપતિના ઘર પાસે માટીના ઢગલા પર આવી અટકી ગઈ હતી. આ ઘટનામાં માટલાં વેચાતા પ્રજાપતિના કેટલાક માટલાં ફુટી ગયા હતા.માટલાં વેચાતા પ્રજાપતિના પરિવાર બચી જતાં કુદરતનો આભાર વ્યક્ત કરતા જોવા



મળ્યા હતા.સદ નશીબે રોંગ સાઈડમાં કે સર્વિસ રોડએ સમયે કોઈ વાહન કે વ્યક્તિ પસાર થઇ રહી નહતી નહિતર જાનહાની થઈ હોત..

આ ઘટનક્રમ જોઈ લોકોના ટોળામાંથી એક જ સાંભળવા મળતો કે કુદરત તારી મહેર હોળીના માટલાંમાંથી બિલાડીના બચ્ચાં બચાવ્યા તેમ આ અકસ્માતમાં પ્રજાપતિ પરિવાર.. વાહ રે કુદરત વાહ..

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપ શે. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો બાળકોનું ઘરકામ પ ૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય. ગુપ્ત બાબતો તમારી પ્રતિષ્ઠાને હાનિ કરી શકે છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. અન્યોના સૂચનોને સાંભળવા તથા તેના પર અમલ કરવો મહત્વનું સાબિત થાય એવો દિવસ. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્ર તરફથી ભેટ-સોગાદ મળશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે કોઈક આધ્યાત્મિક વ્યક્તિ તમારા પર શુભાશિષ વર્ષાવશે તથા તેને કારણે માનસિક શાંતિ આવશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરના લોકો સાથે તમારે કશુંક ઉત્સાહજનક તથા અલગ કરવું જોઈએ. તમે વાસ્તવિક્તા સાથે મુકાબલો કરશો તેથી તમારે તમારા પ્રિયપાત્રને ભૂલી જવું પડશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. જો તમારા મગજ પર તાણ હોય- તો તમારા સંબંધી અથવા નિકટના મિત્ર સાથે વાત કરો. કેમ કે તેનાથી તમારા માથા પરનો બોજ ઓછો થશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે વધુ પડતો ઉત્સાહ તથા ધમાકેદાર જુસ્સો તમારા ચેતાતંત્રને અસર કરી શકે છે, આ બાબત ટાળવા માટે તમારી લાગણીઓ પર અંકુશ મુકો. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. લાયક ઉમેદવારો માટે વૈવાહિક જોડાણની શક્યતા.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. મોટી વયના લોકો તથા પરિવારના સભ્યો તમને પ્રેમ અને સંભાળ આપશે. આજે તમારા પ્રિયપ ાત્રની લાગણીઓ સમજજો. કાર્યક્ષેત્ર માં પ્રેમ પ્રસંગ થી બચો નહીંતર બદનામી થયી શકે છે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃ ત્તિઓ કરો. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? બાળકો કેટલાક રોમાંચક સમાચાર લાવી શકે છે. તમારા પ્રેમની બિનજરૂરી માગણીઓ સામે ઝૂકતા નહીં.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારી નફરતને મારવા માટે સૌહાર્દ પૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.

### મંત્રીઓને વડાપ્રધાન મોદીએ આપી સૂચના

# નવી સરકારના પ્રથમ ૧૦૦ દિવસ અને ૫ વર્ષનો રોડમેપ તૈયાર કરો

### ચૂંટણી પંચે લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે શેડ્યૂલ જાહેર કર્યાના એક દિવસ બાદ આ બેઠક થઈ હતી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।**
પીએમ મોદીએ મંત્રીઓને નવી સરકારના પ્રથમ ૧૦૦ દિવસ અને આગામી પાંચ વર્ષનો ડ્રાફ્ટ રોડમેપ તૈયાર કરવા જણાવ્યું છે. રવિવારે સવારે અહીં કેબિનેટની બેઠકની અધ્યક્ષતામાં, વડાપ્રધાને પ્રધાનોને તેમના સંબંધિત મંત્રાલયોના સચિવો અને અન્ય અધિકારીઓને મળવા જણાવ્યું હતું કે કેવી રીતે પ્રથમ ૧૦૦ દિવસ અને આગામી પાંચ વર્ષ માટેના એજન્ડાને વધુ સારી રીતે અમલમાં મૂકી શકાય તે અંગે વાત કરી હતી.

ચૂંટણી પંચે લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે શેડ્યૂલ જાહેર કર્યાના એક દિવસ બાદ આ બેઠક થઈ હતી. કેબિનેટે ચૂંટણી પંચની ભલામણ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મોકલી હતી. આ સાથે દેશમાં સાત તબક્કામાં તારીખો જાહેર કરવાની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે ચૂંટણી પંચે દેશની કુલ ૫૪૩ બેઠકો પર સાત તબક્કામાં મતદાન કરાવવાની જાહેરાત કરી છે.

કેબિનેટની બેઠકમાં કેબિનેટે લોકસભાના સભ્યોની ચૂંટણી માટે રાષ્ટ્રપતિને ભલામણ કરવા માટે મંજૂરી આપી હતી, જે ભારતના ચૂંટણી પંચ દ્વારા તેની કાર્યવાહીમાં ભલામણ કરવામાં આવી શકે છે. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૪ ની પેટા-કલમ (૨) હેઠળ મંજૂરી માટે વૈધાનિક સૂચનાઓની ભલામણ કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે ૧૯ એપ્રિલે ૧૦૨ સીટો પર પ્રથમ તબક્કાના મતદાન માટે પ્રથમ નોટિફિકેશન ૨૦ માર્ચે જારી કરવામાં આવશે. ચોક્કસ તબક્કા માટે નોમિનેશન પ્રક્રિયા સૂચના જાહેર થતાંની સાથે જ શરૂ થશે. વડા પ્રધાને પ્રધાનોને તેમના અધિકારીઓ અથવા સચિવો સાથે તેમના મંત્રાલયની નવી સરકારના પ્રથમ ૧૦૦ દિવસ અને આગામી ૫ વર્ષનો રોડમેપ તૈયાર કરવા જણાવ્યું હતું.

### એર ઇન્ડિયાના કર્મચારીઓને ઝટકો

# ટાટા જૂથની એર ઈન્ડિયાએ ૧૮૦થી વધુ કર્મીઓને નોકરીમાંથી કાઢી મુક્યા

### આ છંટણી પ્રક્રિયામાં સામેલ તમામ કર્મચારીઓ કંપનીની વોલેન્ટરી રિટાયરમેન્ટ સ્કીમનોનો લાભ લઈ શક્યા ન હતા અને તેઓ રિ-સ્કિલિંગની તકનો પણ લાભ લઈ શક્યા હતા

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।**
ટાટા જૂથની એરલાઈન એર ઈન્ડિયાએ તેના કર્મચારીઓને આંચકો આપ્યો છે. એરલાઈને છેલ્લા કેટલાક સપ્તાહમાં ૧૮૦થી વધુ નોન-ફ્લાઈંગ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા છે. માહિતી અનુસાર, આ છંટણી પ્રક્રિયામાં સામેલ તમામ કર્મચારીઓ કંપનીની વોલેન્ટરી રિટાયરમેન્ટ સ્કીમનોનો લાભ લઈ શક્યા ન હતા અને તેઓ રિ-સ્કિલિંગની તકનો પણ લાભ લઈ શક્યા હતા.



સમાચાર અનુસાર, એર ઈન્ડિયાના પ્રવક્તાએ કહ્યું છે કે નોન ફ્લાઈંગ ફંક્શનમાં કામ કરતા કર્મચારીઓને સંસ્થાની જરૂરિયાતો અને તેમની વ્યક્તિગત યોગ્યતાના આધારે એરલાઈનમાં એડજસ્ટ કરવામાં આવી રહ્યા છે. છેલ્લા ૧૮ મહિનામાં તમામ કર્મચારીઓની યોગ્યતાનું મૂલ્યાંકન કરવા માટે એક વ્યાપક પ્રક્રિયાને અનુસરવામાં આવી છે. આ તબક્કા દરમિયાન કર્મચારીઓને અનેક સ્વૈચ્છિક નિવૃત્તિ યોજનાઓ અને રી-સ્કિલિંગની તકો પણ પૂરી પાડવામાં આવી છે. એર ઈન્ડિયાના પ્રવક્તાએ એમ પણ જણાવ્યું હતું કે એક ટકા કર્મચારીઓ કે જેઓ ફઈજી અથવા રી-સ્કિલિંગની તકોનો ઉપયોગ કરવા માટે લાયક જણાયા ન હતા તેમને અલગ કરવા પડ્યા હતા. જોકે પ્રવક્તાએ કેટલા કર્મચારીઓની છંટણી કરવામાં આવી હતી તે જણાવ્યું ન હતું, અહેવાલ આપ્યો હતો કે ૧૮૦ કરતાં વધુ કર્મચારીઓ હતા. કંપનીએ જણાવ્યું હતું કે તે તમામ કરાર આધારિત જવાબદારીઓનું સન્માન કરી રહી છે અને જાન્યુઆરી ૨૦૨૨માં ટાટા ગ્રુપ દ્વારા એર ઈન્ડિયાના હસ્તાંતરણ બાદ VRSના બે રાઉન્ડની ઓફર કરી હતી. જાન્યુઆરી ૨૦૨૨માં ટાટાએ એર ઈન્ડિયાને ટેકઓવર કર્યું ત્યારથી એરલાઈનના બિઝનેસ મોડલને ટેકઓવર કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ સંગઠનાત્મક માળખાના પુનઃનિર્માણ માટે પણ થઈ રહ્યો છે. એરલાઈનના વિહાન AIના રૂપમાં એક મલ્ટીઈયર ચેન્જ પ્રક્રિયા અપનાવવામાં આવી રહી છે. એર ઈન્ડિયાનો બજાર હિસ્સો ફેબ્રુઆરીમાં ૧૨.૨ ટકાથી વધીને ૧૨.૮ ટકા થયો હતો, જ્યારે ઈન્ડિગોનો બજાર હિસ્સો જાન્યુઆરીમાં ૬૦.૨ ટકાથી નજીવો ઘટીને ૬૦.૧ ટકા થયો હતો. ડોમેસ્ટિક ટ્રાવેલમાં ઈન્ડિગો સૌથી વધુ માર્કેટ શેર ધરાવે છે.

### યુએસની સિક્રેટ એજન્સી સાથે ગુપ્ત કરાર હેઠળ ઉત્પાદન

# ઈલોન મસ્કની સ્પેસએક્સ જાસૂસી ઉપગ્રહોનું નેટવર્ક બનાવી રહી છે

### સ્પેસએક્સના સ્ટારશિલ્ડ બિઝનેસ યુનિટના ૧.૮ બિલિયન ડોલરના કરાર હેઠળ નેટવર્કનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે



**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૮ ।**
ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સ યુએસની સિક્રેટ એજન્સી સાથે ગુપ્ત કરાર હેઠળ સેંકડો જાસૂસી ઉપગ્રહોનું નેટવર્ક બનાવી રહી છે. આ મસ્કની સ્પેસ કંપની સ્પેસએક્સ અને અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા એજન્સીઓ વચ્ચેના ઊંડા સંબંધોના પુરાવા હોવાનું કહેવાય છે. ૨૦૨૧માં નેશનલ રિકોનિસન્સ ઓફિસ (એનઆરઓ) સાથે હસ્તાક્ષર કરાયેલા સ્પેસએક્સના સ્ટારશિલ્ડ બિઝનેસ યુનિટના ૧.૮ બિલિયન ડોલરના કરાર હેઠળ નેટવર્કનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. એનઆરઓએ અમેરિકાની ગુપ્તચર સંસ્થા છે, જે જાસૂસી ઉપગ્રહોનું સંચાલન કરે છે. આ પ્રોજેક્ટ્સ યુએસ સિક્રેટ એજન્સીઓ અને લશ્કરી પ્રોજેક્ટ્સમાં સ્પેશએક્સની સંડોવણીની હદ દર્શાવે છે. યુ.એસ. તેના ભૂમિ દળોને ટેકો આપવા અને દુશ્મનો પર નજર રાખવા માટે પૃથ્વીની પરિક્રમા કરતા ઉપગ્રહોના વિશાળ નેટવર્કના નિર્માણમાં મોટા પાયે રોકાણ કરી રહ્યું છે. સૂત્રોનું કહેવું છે કે જો આ પ્રોજેક્ટ સફળ થશે, તો યુએસ સરકાર અને સૈન્ય વિશ્વમાં લગભગ કોઈપણ જગ્યાએ સંભવિત લક્ષ્યોને તાત્કાલિક ઓળખવાની તેમની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે. સૂત્રોનું કહેવું છે કે સ્પેસએક્સને મળેલો આ કોન્ટ્રાક્ટ અમેરિકન ગુપ્તચર એજન્સીઓના મસ્કની કંપની સ્પેસએક્સમાં વધી રહેલા વિશ્વાસનું પ્રતીક છે. જોકે, ઈલોન મસ્કનું પણ બાઈડેન વહીવટીતંત્ર સાથે ઘર્ષણ થયું છે. અમેરિકન અખબાર વોલ સ્ટ્રીટ જર્નલે ફેબ્રુઆરીમાં જ આ કરાર વિશે ખુલાસો કર્યો હતો. જોકે, રિપોર્ટમાં સ્પેસએક્સનું નામ આપવામાં આવ્યું નથી. અહેવાલમાં જણાવાયું છે કે પ્રોગ્રામના ઉદ્દેશ્યોની વિગતો આપ્યા વિના, એક અનામી ગુપ્તચર એજન્સી સાથે ૧.૮ બિલિયન ડોલર ક્વોલિફાઈડ સ્ટારશિલ્ડ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. સ્પેશએક્સ સાથેનો કરાર શક્તિશાળી નવી જાસૂસી પ્રણાલી સ્થાપિત કરશે. આ માટે, સેંકડો અર્થ-સ્કીનિંગ ઉપગ્રહો લોન્ચ કરવામાં આવશે, જે પૃથ્વીની નિશ્ચિત ભ્રમણકક્ષામાં સ્વોર્મ તરીકે કામ કરી શકશે. જોકે, આ સેટેલાઈટ્સ ક્યારે ઓનલાઈન લાવવામાં આવશે તે નક્કી નથી. આ પ્રોજેક્ટમાં સ્પેસએક્સ એનઆરઓ સિવાય અન્ય કઈ કંપનીઓ સાથે કરાર કર્યો છે તે પણ એક રહસ્ય છે.

### મુંબઈમાં કોંગ્રેસની મેગા રેલીમાં ચૂંટણી પ્રચાર

# સત્તા પર આવીશું તો ઈવીએમ દ્વારા મતદાન નહીં થવા દઈએ : ઈન્ડિયા

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।**
રવિવારે મહારાષ્ટ્રના મુંબઈમાં કોંગ્રેસની મેગા રેલીમાં ઈન્ડિયા બ્લોકના નેતાઓએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા અને લોકસભા ચૂંટણી માટે પોતાના ઈલેકશન કેમ્પેઈનની શરૂઆત પણ કરી દીધી. તમામ નેતાઓના ટાર્ગેટ પર ઈવીએમ રહ્યું હતું. રેલીમાંથી સ્પષ્ટ મેસેજ આપવામાં આવ્યો હતો કે આગામી દિવસોમાં વિપક્ષના ચૂંટણી પ્રચારમાં ઈવીએમ જ પર ટાર્ગેટ રહેશે. ગઠબંધનમાં સામેલ પાર્ટીઓના નેતાઓએ ઈવીએમ દ્વારા મતદાન



પ્રક્રિયાનો વિરોધ કર્યો હતો અને એલાન કર્યું છે કે જો અમે સત્તામાં આવીશું તો ઈવીએમ દ્વારા ક્યારેય મતદાન થવા નહીં દઈશું. કોંગ્રેસ નેતા રાહુપલ ગાંધીની રવિવારે ભારત જોડો ન્યાય યાત્રાના સમાપન પર મુંબઈના ઐતિહાસિક શિવાજી પાર્ક મેદાનમાં ઈન્ડિયા બ્લોકના દિગ્ગજ નેતાઓનો જમાવડો થયો હતો. આ દરમિયાન નેતાઓએ મતદાન માટે ઈવીએમના ઉપયોગ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો. તમામ નેતાઓએ ઈવીએમ મતદાન વિરુદ્ધ વાત કરી અને કહ્યું કે, જો ઈન્ડિયા બ્લોક સત્તા આવશે તો ઈવીએમને વોટિંગ પ્રક્રિયામાંથી હટાવી દઈશું અને ઈસીઆઈને સ્વતંત્રતા આપીશું. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'નરેન્દ્ર મોદી ઈવીએમ વિના ચૂંટણી ન જીતી શકે. અમે ચૂંટણી પંચને વિનંતી કરી કે અમને ઈવીએમ બતાવે અને અમારા નિષ્ણાતોને મશીન બતાવે. તેણે અમને બતાવવાનો ઈનકાર કરી દીધો. અમે મશીન અને તેમાંથી નીકળતા કાગળો વિશે પૂછ્યું પરંતુ તેમણે તે કાગળોને ગણવાનો ઈનકાર કરી દીધો. રાજાની આત્મા ઈવીએમ છે. નરેન્દ્ર મોદીનું કામ છે તમારું ધ્યાન હટાવવાનું. છેલ્લા ૪૦ વર્ષની સરખામણીમાં આજે બેરોજગારી સૌથી વધુ છે. આખી સિસ્ટમ નિયંત્રણમાં છે. જ્યારે તેમની સરકાર પહેલીવાર સત્તામાં આવી ત્યારે અરુણ જેટલીએ આવીને મને કહ્યું હતું કે જમીન અધિગ્રહણની વાત ન કરો. મેં પૂછ્યું કે હું તેના વિશે કેમ ન બોલું? તેમણે કહ્યું કે જો તમે બોલશો અમે તમારી સામે કેસ કરી કરીશું. ઈડી મારી પાસે આવી અને ૫૦ કલાક સુધી મારી પૂછપરછ કરી.

### ચેન્નાઈ આઈપીએલની સૌથી સફળ ટીમોમાંની એક છે

# ધોનીની ચેન્નાઈ સુપર કિંગ્સે પણ ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા આપ્યું દાન

### ચેન્નાઈનું સંચાલન ચેન્નઈ સુપર કિંગ્સ ક્રિકેટ લિમિટેડ નામની કંપની દ્વારા કરવામાં આવે છે, જેની મૂળ સંસ્થા ઈન્ડિયા સિમેન્ટ છે



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।**
ઈલેક્ટોરલ બોન્ડની વિગતો જાહેર થયા બાદ તેના વિશે દરરોજ નવી માહિતી બહાર આવી રહી છે. બોન્ડની વિગતો પરથી એ પણ જાણી શકાય છે કે ચૂંટણી બોન્ડ દ્વારા કઈ કંપનીઓએ કયા રાજકીય પક્ષોને ફંડિંગ આપ્યું છે. આ સીરિઝમાં ચેન્નાઈ સુપર કિંગ્સનું નામ પણ ઈલેક્ટોરલ બોન્ડની યાદીમાં સામે આવ્યું છે. ચેન્નાઈ સુપર કિંગ્સનું સંચાલન 'ચેન્નઈ સુપર કિંગ્સ ક્રિકેટ લિમિટેડ' નામની કંપની દ્વારા કરવામાં આવે છે, જેની મૂળ સંસ્થા ઈન્ડિયા સિમેન્ટ છે. ભારતીય ટીમના ભૂતપૂર્વ કેપ્ટન એમએસ ધોની આઈપીએલમાં ચેન્નાઈ સુપર કિંગ્સનો વર્તમાન કેપ્ટન છે. ધોનીની ટીમની માલિકી ધરાવતી કંપનીએ તમિલનાડુની 'ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ' એટલે કે AIADMKને ચૂંટણી બોન્ડ દ્વારા પૈસા આપ્યા છે. રિપોર્ટ અનુસાર, AIADMKને ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા ૬.૦૫ કરોડ રૂપિયા મળ્યા છે. આમાંથી મોટા ભાગના પૈસા ચેન્નાઈ સુપર કિંગ્સ ક્રિકેટ લિમિટેડ (ઈન્ડિયા સિમેન્ટ લિમિટેડના ડિરેક્ટર) પાસેથી આવ્યા હતા. ચેન્નઈ સુપર કિંગ્સ ક્રિકેટ લિમિટેડએ બે દિવસમાં AIADMKને ૫ કરોડ રૂપિયાનું ભંડોળ પૂરું પાડ્યું. આ પૈસા ૨૦૧૯માં ૨ થી ૪ એપ્રિલની વચ્ચે આપવામાં આવ્યા હતા. જો કે આ પછી પાર્ટીને ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી કોઈ પૈસા મળ્યા નથી. ચૂંટણી પંચના ચૂંટણી ખર્ચ વિભાગના સચિવ સાથે શેર કરેલી માહિતી અનુસાર, પાર્ટીને કોઈમ્બતુર સ્થિત લક્ષ્મી મશીન વર્ક્સ લિમિટેડ પાસેથી ૧ કરોડ રૂપિયા અને ચેન્નાઈ સ્થિત ગોપાલ શ્રીનિવાસનપાસેથી ૫ લાખ રૂપિયા રાજકીય દાન તરીકે મળ્યા છે. સંજોગોવશાત્, પાર્ટીએ ૨૦૧૯માં બે વાર આ જ માહિતી આપી હતી, એક વખત તેના તત્કાલિન સંયોજક ઓ. પનીરસેલ્વમ (હકાલીન કર્યા પછી) અને પછી ૨૦૨૩ માં તેના જનરલ સેક્રેટરી ઈડાપ્પડી કે. પલાનીસ્વામી મારફત પણ આપવામાં આવી હતી.

તમિલનાડુની સત્તાધારી પાર્ટી ડીએમકેને લઈને પણ મહત્વની માહિતી સામે આવી છે. ડીએમકેને ચૂંટણી બોન્ડ દ્વારા ૬૫૬.૬ કરોડ રૂપિયા મળ્યા છે. ડીએમકેએ કહ્યું છે કે ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા મળેલા ૬૫૬.૬ કરોડ રૂપિયામાંથી તેને ફ્યુચર ગેમિંગ અને હોટેલ સર્વિસીસ દ્વારા ૫૦૯ કરોડ રૂપિયા મળ્યા છે. ફ્યુચર ગેમિંગ અને હોટેલ સર્વિસિસ તરફથી મળેલા દાનનો હિસ્સો DMK દ્વારા મળેલા કુલ રાજકીય દાનમાં ૭૭ ટકાથી વધુ છે. આ કંપનીના માલિક સેન્ટિયાગો માર્ટિન પણ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની તપાસ હેઠળ છે.

# અજમેરમાં મોટો અકસ્માત, સાબરમતી-આગ્રા સુપરફાસ્ટની માલગાડી સાથે અથડાઈ હતી

### માલસામાન ટ્રેન સાથે અથડાવાને કારણે એન્જિન સહિત જનરલ કોચના ચાર ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।**
રાજસ્થાનના અજમેરમાં સોમવારે (૧૮ માર્ચ) વહેલી સવારે સાબરમતી-આગ્રા સુપરફાસ્ટના ચાર ડબ્બા પાટા પરથી ઉતરી ગયા. આ અકસ્માતમાં અનેક મુસાફરોને ઈજાઓ પહોંચી છે. આ અકસ્માત અજમેરના મદાર રેલવે સ્ટેશન પર બપોરે ૧.૦૪ વાગ્યે થયો હતો, જ્યારે સાબરમતી-આગ્રા કેન્ટ સુપરફાસ્ટ એક્સપ્રેસ ગુડ્સ ટ્રેન સાથે અથડાઈ હતી. રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, લોકો પાયલટે ટ્રેનને રોકવા માટે ઈમરજન્સી બ્રેક પણ લગાવી હતી, પરંતુ તે ટક્કર રોકી શક્યો નહોતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર માલસામાન ટ્રેન સાથે અથડાવાને કારણે એન્જિન સહિત જનરલ કોચના ચાર ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. દુર્ઘટનાની માહિતી મળતા જ રાહત ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઘાયલોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. આ ઘટનામાં કોઈના મોતના સમાચાર



નથી. કેટલાક મુસાફરોએ કહ્યું છે કે તેમને ઈજાઓ થઈ છે. ઘાયલોને સારવાર માટે અજમેર સ્ટેશન લઈ જવામાં આવ્યા છે. મુસાફરોએ જણાવ્યું કે તેઓ સૂઈ રહ્યા હતા ત્યારે અચાનક તેમને જોરદાર અવાજ સંભળાયો. આ પછી બોગી પાટા પરથી ઉતરી ગઈ હતી. રેલ્વે પ્રોટેક્શન ફોર્સ, ગવર્નમેન્ટ રેલ્વે પોલીસ અને એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર અને વરિષ્ઠ અધિકારીઓ સહિત બચાવ ટીમો ઘટનાસ્થળે છે. પાટા પરથી ઉતરેલા કોચ અને એન્જિનને પાટા પર લાવવાના પ્રયાસો ચાલુ છે. ઘટના બાદનો વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં જોઈ શકાય છે કે પાટા પરથી ઉતરેલી બોગીની તપાસ કરવામાં આવી રહી છે. અથડામણને કારણે રેલવેના કેટલાક થાંભલા પણ ટ્રેનની ઉપર પડી ગયા છે, જેને ગેસ કટરની મદદથી કાપવામાં આવી રહ્યા છે. તે જ સમયે, ઉત્તર પશ્ચિમ રેલવેએ કહ્યું છે કે મુસાફરોની મદદ માટે હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવ્યા છે. તેના તરફથી કહેવામાં આવ્યું છે કે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. ઉત્તર પશ્ચિમ રેલવેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ટ્વિટ કર્યું કે ચાર જનરલ કોચ પાટા પરથી ઉતરી ગયા છે. રેલવેએ વધુમાં કહ્યું કે, 'આમાં કોઈ જાનહાનિ થઈ નથી. તાત્કાલિક પગલાં લેતા રેલ્વે અધિકારીઓ દુર્ઘટના સ્થળે પહોંચી ગયા છે અને અકસ્માત રાહત ટ્રેન માદર પહોંચી ગઈ છે અને ટ્રેક પુનઃસ્થાપિત કરવાનું કામ ચાલી રહ્યું છે. આ વાહનનો પાછળનો ભાગ અજમેર લઈ જવામાં આવી રહ્યો છે

# RCB ચેમ્પિયન બનતાં વિરાટએ કર્યો વીડિયો કોલ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।**
સ્મૃતિ મંધાનાની કેપ્ટનશીપવાળી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમે વિમેન્સ પ્રીમિયર લીગ ટ્રોફી જીતીને ઈતિહાસ રચ્યો હતો. જે કામ પુરૂષોની ટીમ ન કરી શકી તે કામ મહિલા ટીમે કર્યું. આરસીબીએ ટાઈટલ જીતતાની સાથે જ વિરાટ કોહલીએ પણ વીડિયો કોલ દ્વારા ટીમના સેલિબ્રેશનમાં ભાગ લીધો હતો. વિરાટે મંધાના સાથે વીડિયો કોલ દ્વારા વાત કરી હતી. તે ક્ષણ જોવા જેવી હતી જ્યારે વિરાટ મંધાનાને અભિનંદન આપી રહ્યો હતો. મંધાનાના ચહેરા પર ચેમ્પિયનની ખુશી હતી. વિરાટ રવિવારે જ લંડનથી ભારત પરત ફર્યો હતો. RCB ચેમ્પિયન બનતાની સાથે જ તેણે સોશિયલ મીડિયા પર સુપરવુમન લખીને પોતાની ખુશી વ્યક્ત કરી હતી. વિરાટે ટીમના ખેલાડીઓના ખૂબ વખાણ કર્યા. વિરાટ કોહલીએ પોતાની કપ્તાની હેઠળ ૨૦૧૬માં આરસીબીને આઈપીએલની ફાઈનલમાં પહોંચાડી હતી પરંતુ ત્યારબાદ ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદ સામે હારી ગઈ હતી. ત્યારબાદ ડેવિડ વોર્નરની કપ્તાનીવાળી SRH ટીમે RCBને ખિતાબથી રોકી હતી. હાલમાં IPLમાં ઈઝ્મ ટીમની કમાન દક્ષિણ આફ્રિકાના ફાફ ડુપ્લેસીના હાથમાં છે.

# ચૂંટણીપંચે ઈલેક્ટોરલ બોન્ડની ૭૬૩ પેજની ૨ યાદી કરી અપલોડ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।**
ચૂંટણી પંચે ૧૬ માર્ચે સુપ્રીમ કોર્ટની રજિસ્ટ્રીમાંથી મળેલા ઈલેક્ટોરલ બોન્ડના નવા ડેટા રવિવારે તેમની ઓફિસિયલ વેબસાઈટ પર અપલોડ કર્યા હતા. નવા ડેટામાં નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે બોન્ડની માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૪ માર્ચે કમિશને ૭૬૩ પેજની બે લિસ્ટ જાહેર કર્યા હતા. જેમાં એપ્રિલ ૨૦૧૯ પછી ખરીદેલા અથવા રોકડ કરાયેલ બોન્ડ વિશેની માહિતી વેબસાઈટ પર અપલોડ કરી હતી. એક યાદીમાં બોન્ડ ખરીદનારાઓની માહિતી છે જ્યારે બીજી યાદીમાં રાજકીય પક્ષોને મળેલા બોન્ડની માહિતી છે.

સુપ્રીમ કોર્ટના નિર્દેશો પર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) એ ૧૪ માર્ચે ચૂંટણી પંચને બોન્ડ સંબંધિત માહિતી આપી હતી. તેમાં બોન્ડના અનન્ય આલ્ફા ન્યુમેરિક નંબરો નહોતા. કોર્ટે SBIને ૧૫ માર્ચે નોટિસ પાઠવીને ૧૮ માર્ચ સુધીમાં જવાબ માંગ્યો હતો. ચૂંટણી પંચના ડેટા અનુસાર ભાજપે કુલ રૂપિયા ૬ હજાર ૯૮૬ કરોડના ઈલેક્ટોરલ બોન્ડને રોક્યા છે. પાર્ટીને ૨૦૧૯-૨૦માં સૌથી વધુ ૨ હજાર ૫૫૫ કરોડ રૂપિયા મળ્યા છે. જ્યારે ડીએમકેને ચૂંટણી બોન્ડ દ્વારા રૂ. ૬૫૬.૫ કરોડ મળ્યા હતા. જેમાં લોટરી કિંગ સેન્ટિયાગો માર્ટિન્સ ફ્યુચર ગેમિંગના રૂ. ૫૦૯ કરોડનો પણ સમાવેશ થાય છે. ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ ડેટા અનુસાર કેટલાક પક્ષોએ એસબીઆઈ પાસેથી બોન્ડના યુનિક નંબરો માંગ્યા છે. તૃણમૂલ કોંગ્રેસે કહ્યું છે કે તેમને નંબરોની જરૂર છે જેથી તે સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું પાલન કરી શકે. ભારતીય જનતા પાર્ટીએ SBIને આવી કોઈ અપીલ કરી નથી, પરંતુ તેમણે સંપૂર્ણ ડેટા આપ્યો છે.

## ન્યૂઝ બ્રિફ

### યુનિ.માં હુમલો કરનાર ત્રણ આરોપીને બે દિવસના રિમાન્ડ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાત યુનિવર્સિટીમાં વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલો કરનાર આરોપી ભરત દામોદરભાઈ પટેલ, હિતેશ રાઘુભાઈ મેવાડા અને સાહીલ અરૂણભાઈ દૂધકીયાને ગુજરાત યુનિવર્સિટી પોલીસે સઘન પોલીસ બદોબસ્ત સાથે અમદાવાદની મેટ્રોપોલીટન કોર્ટમાં રજૂ કર્યા હતા. જયા ત્રણેય આરોપીના દસ દિવસના રિમાન્ડની માંગણી કરતા એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ એસ. જે.પચાલે બે દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવા હુકમ કર્યો હતો.જેમાં નાસતા ફરતા વીસ આરોપીઓની ભાળ મેળવવાની છે. આરોપીઓ શિક્ષણ સંસ્થા સંકળાયેલા નહીં હોવા છતા એન.આર.આઈ.હોસ્ટેલમાં ગેરકાયદેસર પ્રવેશ કરે ગુનો આચરેલ હોય જેઓનો અગાઉથી કોઈ સુનિયોજીત કાવતરુ હતુ કે કેમ? આરોપીઓ પાછળ કોઈનો દોરી સંચાર હતો કે કેમ ? તે સબંધે તપાસ ચાલુ કરી છે.

### આ મુદ્દે પોલીસ તપાસ કરશે, આ જાહેર હિતનો મુદ્દો નથી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં નમાઝ અદા કરવાના પ્રકરણમાં પાંચ વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલાના કેસમાં સુઓમોટો સંજ્ઞાન લઈ પીઆઈએલ દાખલ કરવા એક એડવોકેટ દ્વારા કરાયેલી માંગણી ગુજરાત હાઈકોર્ટે ધરાર ફગાવી દીધી હતી. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરૂધ્ધા માયીની ખંડપીઠે ઠરાવ્યું હતું કે, આ કોઈ પીઆઈએલની મેટર નથી. આ મામલામાં પોલીસ તેની રીતે જોશે અને તપાસ કરશે. દરેક બાબતમાં કંઈ જાહેરહિતની રિટ અરજીની મેટર ગણી શકાય નહી. આ વિષય પોલીસ તપાસનો છે. હાઈકોર્ટે એડવોકેટની માંગણી ધરાર ફગાવી દીધી હતી અને તેમને કોઈપણ પ્રકારની રાહત આપ વાનો સાફ ઈનકાર કરી દીધો હતો. હાઈકોર્ટે જણાવ્યું કે, તમે પોલીસમાં જાઓ. આ પોલીસ ફિયાદની વાત છે. અદાલતનું કામ પોલીસ ઈન્સ્પેકટરની જેમ વર્તવાનું નથી. અમે કંઈ તપાસનીશ અધિકારી નથી.



ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલમાં થયેલ હુમલાના વિરોધમાં વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરને રજુઆત કરવામાં આવી હતી.

#### યુનિ. હોસ્ટેલમાં મારામારીનો કેસમાં પાંચની ધરપકડ

# વિદેશી વિદ્યાર્થીઓને નવી હોસ્ટેલમાં શિફ્ટ કરાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાત યુનિવર્સિટીમાં આવેલી હોસ્ટેલમાં શનિવારે રાતના સમયે બહાર નમાઝ અદા કરવા બાબતે થયેલા સામાન્ય ઝઘડાએ ગંભીર સ્વરૂપ લીધું હતું. જેમાં ૨૦થી ૨૫ યુવકોના ટોળાએ હોસ્ટેલમાં પથ્થરમારો કર્યા બાદ વાહનોમાં તોડફોડ કરી હતી. જેમાં ચાર વિદેશી યુવકોને પહોંચી હતી. આ બનાવ અંગે પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવતા પોલીસે સ્થળ પર પહોંચીને કાર્યવાહી કરી હતી. જેમાં વાયરલ વીડિયાને આધારે સાત જેટલા લોકોની ઓળખ કરીને તોડફોડ કરનાર બે યુવકોને ઝડપી લીધા હતા. ત્યારે આજે વધુ ત્રણ યુવકોની ધરપકડ કરી છે. અમદાવાદ પોલીસ દ્વારા હિતેશ મેવાડા અને ભરત પટેલ નામના બે આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવી હતી. જ્યારે વધુ ત્રણ આરોપીઓમાં ક્ષિતીજ પાંડે, જીતેન્દ્ર પટેલ અને સાહીલ દુધતીઉઆની ધરપકડ કરી છે. આ મામલાની વધુ તપાસ ગુજરાત યુનીવર્સીટી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવી છે.ગુજરાત યુનિવર્સિટીમાં આઈસીસીઆર (ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ) હેઠળ મોટી સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ ભણવા આવે છે. દર વર્ષે આઈસીસીઆર હેઠળ ગુજરાત યુનિ.માં વિદેશી વિદ્યાર્થીઓ ફાળવાય છે પરંતુ અત્યાર સુધી વિદેશી વિદ્યાર્થીઓ માટેની અલગ હોસ્ટેલ વ્યવસ્થા ન હતી.

#### સર્વરમાં કોઈ ક્ષતિ સર્જાતા સર્વર બંધ

# અમદાવાદમાં લાયસન્સ માટે ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક સતત ત્રણ દિવસથી બંધ

### રોજના ૧૦૦થી ૧૨૦ અરજદારો ટેસ્ટ આપવા આવતા હોય છે : લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે


। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદ શહેર કે જ્યાં દિવસ દરમિયાન લાખો વાહનો રસ્તા પર ફરતા હોય છે. આ વાહનોના ચાલકને ભારત સરકાર નિયમ મુજબ ડ્રાઈવિંગ લાયસન્સ હોવું ફરજિયાત છે. અમદાવાદ જિલ્લામાં કુલ ત્રણ આરટીઓ કચેરી આવેલી છે. જ્યાં દરરોજના હજારો લોકો આરટીઓને લગતા અને વાહનને લગતા કાર્યો કરવા પહોંચે છે. તેમાંના એક એવા ડ્રાઈવિંગ લાયસન્સ ટેસ્ટ આપવા માટે દિવસ દરમિયાન અનેક લોકો એપોઈન્ટમેન્ટ આરટીઓ કચેરી પહોંચે છે, પરંતુ જ્યારે ટેસ્ટ ટ્રેકના સર્વર ઠપ હોય ત્યારે ટેસ્ટ આપનાર લોકોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવે છે. અમદાવાદ શહેરમાં સુભાષબ્રિજ સર્કલ ખાતે આવેલી આરટીઓ કચેરી અને વસ્ત્રાલ આરટીઓ કચેરીની છેલ્લા ત્રણ દિવસથી ટેસ્ટ ટ્રેક બંધ છે. તે ઉપરાંત આજના દિવસમાં પણ સર્વર ઠપ હોવાને કારણે ટેસ્ટ ટ્રેક બંધ રહેશે.

અમદાવાદ જેવા મોટા શહેરોમાં આરટીઓ કચેરીના ટેસ્ટ ટ્રેક બંધ થવાથી શહેરીજનોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મહા મહેનતે એપોઈન્ટમેન્ટ બુક કર્યા બાદ સર્વર ઠપ હોવાથી નાગરિકોની લાંબી લાઈન લાગી હોવાનું જાણવા મળ્યું હતું. આ ઉપરાંત અન્ય દિવસોમાં પણ અગાઉથી જ બુક કરનાર લોકોને પણ હાલાકી વેઠવી પડશે. કારણ કે છેલ્લા ત્રણ દિવસથી સર્વર ઠપ હોવાથી તે કામ પણ પેન્ડિંગ રહેતા આગામી દિવસોમાં તેમને એપોઈન્ટમેન્ટ આપવામાં આવશે. ત્યારે ટેસ્ટ ટ્રેક બંધ હોવાથી ગત ત્રણ દિવસ અને આજરોજ જે લોકોને એપોઈન્ટમેન્ટ આપવામાં આવી હતી તેમને પણ આગામી દિવસોમાં આપવામાં આવશે. તેથી આરટીઓ કચેરીના કર્મચારીઓને પણ કાર્યભારમાં વધારો થાય તેવી શક્યતાઓ છે. આરટીઓ કચેરીમાંથી જાણવા મળ્યું હતું કે, ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક સિવાયની અન્ય સેવાઓ રાબેતા મુજબ શરૂ રહેશે. અમદાવાદ આરટીઓ કચેરીમાંથી જાણવા મળ્યું હતું કે, ભારત સરકારના સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર હેઠળ આરટીઓના સર્વર ચાલતા હોય છે, પરંતુ તે સર્વરમાં કોઈ ક્ષતિ સર્જાતા છેલ્લા બે-ત્રણ દિવસથી સર્વર બંધ છે. ત્યારે આજરોજ પણ સર્વર બંધ રહી તેનું મેઈન્ટેનન્સ થશે. આગામી દિવસોમાં સર્વર રાબેતા મુજબ શરૂ થશે, પરંતુ ક્યારથી શરૂ થાય તે વિશે ચોક્કસ માહિતી આરટીઓ કચેરીમાંથી મળી નથી.

#### સુરેન્દ્રનગર નજીક ફરી એકવાર ગોઝારો અકસ્માત

# ધ્રાંગધ્રા-માલવણ હાઈવે પર કાર-ટ્રક ટકરતાં ત્રણનાં મોત



। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૮ ।

અમદાવાદથી રાજકોટ તરફ જતાં રોડ પર અવારનવાર અકસ્માતની ઘટનાઓ સામે આવી રહી છે ત્યારે સુરેન્દ્રનગર નજીક ફરી એકવાર ગોઝારો અકસ્માત સર્જાયો છે. માહિતી અનુસાર સુરેન્દ્રનગરથી ધ્રાંગધ્રા-માલવણ તરફ જતાં હાઈવે પર કાર અને ટ્રક વચ્ચે ભયંકર અકસ્માત સર્જાતા ત્રણ લોકોના કમકમાટી ભર્યા મૃત્યુ થયા હતા. પોલીસે આ મામલે કેસ નોંધ્યા બાદ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. મૃતકોની ઓળખ વસીમ ખાન, સાહિલખાન અને હજરત ખાન કારેલિયા તરીકે થઈ હતી. મળતી માહિતી અનુસાર ધ્રાંગધ્રા માલવણ હાઈવે પર આ ગોઝારી દુર્ઘટના ત્યારે થઈ જ્યારે એક ટ્રકની પાછળ કાર ઘૂસી ગઈ હતી. અકસ્માત એટલો ભીષણ હતો કે બે યુવાનો તો ઓન ધ સ્પોટ જ મૃત્યુ પામી ગયા હતા. જ્યારે અન્ય એકને સારવાર માટે હોસ્પિ ટલ ખસેડાયો હતો. પોલીસના જણાવ્યાનુસાર મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી દેવાયા હતા. થોડા દિવસ પહેલા જ સુરેન્દ્રનગર નજીક જ એક કાર પલટી ખાઈ જતાં ટ્રક સાથે ભટકાઈ હતી જેમાં ૪ લોકો માર્યા ગયા હતા જ્યારે ૨ ઘવાયા હતા. એ સમયે પણ અકસ્માત એટલો ભયાનક હતો કે ૪ લોકો તો ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા હતા.

#### બાળકને નવડાવતો ફોટો ચાઈલ્ડ પોર્નોગ્રાફી ગણાય છે

# ગૂગલ ડ્રાઈવ પર બે વર્ષના બાળકને નવડાવતો ફોટો મૂકનારનું એકાઉન્ટ બ્લોક કરવામાં આવયું

### બાળકનું શોષણ થયું હોવાના આક્ષેપ સાથે અકાઉન્ટ બ્લોક કરતાં એન્જિનિયર ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

આજકાલ ફોટો આલ્બમ જૂનવાણી લાગે છે કારણકે ડિજિટલાઈઝેશનનો જમાનો છે. ફોટોઝ ગૂગલ ડ્રાઈવમાં કે આઈ ક્લાઉડ પર સાચવવામાં આવે છે. દરેક ફોટોની ડિજિટલ કોપી મોબાઈલ કે લેપટોપમાં સુરક્ષિત રહે છે. જોકે, એક એન્જિનિયરને પોતાના બાળપણનો ફોટો ગૂગલ ડ્રાઈવ પર અપલોડ કરવાનું માથાનો દુઃખાવો સાબિત થયું અને આખો મામલો કોર્ટ સુધી પહોંચી ગયો છે. ગૂગલે એક એન્જિનિયરનું અકાઉન્ટ બ્લોક કરી દીધું છે. બાળકનું શોષણ થયું હોવાના આક્ષેપ સાથે અકાઉન્ટ બ્લોક કરતાં એન્જિનિયર ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે રાજ્ય અને કેંદ્ર સરકાર તેમજ ગૂગલ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડને નોટિસ મોકલી છે. આ એન્જિનિયરે પોતાના બાળપણનો ફોટો અપલોડ કર્યો હતો જેમાં તેના દાદી તેને નવડાવી રહ્યા હતા. ૨૪ વર્ષીય એન્જિનિયરે ગૂગલ ડ્રાઈવ પર ફોટો અપલોડ કર્યો હતો. એન્જિનિયર ૨ વર્ષનો હતો ત્યારે તેના દાદી નવડાવી રહ્યા હોય તેવો ફોટો હતો. પરંતુ ગૂગલે તેનું અકાઉન્ટ બ્લોક કરી દેતાં દાદી સાથેનું મીઠું સંભારણું કડવું થઈ ગયું. આ એન્જિનિયરે બીજું એક ઈ-મેઈલ આઈડી અન્ય એક સર્વિસ પ્રોવાઈડર સાથે ખોલ્યું છે પરંતુ તેનું ગૂગલ સાથેનું જોઈન્ટ ઓથેન્ટિફિકેશન હોવાથી આ અકાઉન્ટ પણ બંધ થઈ ગયું હતું. ગૂગલની પોલીસી પ્રમાણે, બાળકને નવડાવતો ફોટો હોય તેને 'ચાઈલ્ડ પોર્નોગ્રાફી' ગણવામાં આવે છે. આ ફોટો અપલોડ કરીને એન્જિનિયરે ગૂગલની પોલીસીનું ઉલ્લંઘન કર્યું હતું, જેથી તેને સેન્સર કરવામાં આવ્યો. પોલીસીનું ઉલ્લંઘન થતાં ગૂગલે આ એન્જિનિયરનું અકાઉન્ટ બ્લોક કરી દીધું છે. કમ્પ્યૂટર એન્જિનિયર માટે અકાઉન્ટ બ્લોક થવું તેની ઓળખ ગુમાવવા સમાન છે કારણકે તેનું મોટાભાગનું બિઝનેસ કમ્યુનિકેશન ઈન્ટરનેટના માધ્યમથી થાય છે. જેથી તેણે ગૂગલને અકાઉન્ટ ફરી શરૂ કરવાની વિનંતી કરી હતી પરંતુ કશું વળ્યું નહીં. ગૂગલના તકરાર નિવારણ ડિપાર્ટમેન્ટમાં કેટલીયવાર અપીલ કર્યા છતાં નિરાકારણ ના આવતાં એન્જિનિયરે સ્થાનિક પોલીસ અને ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીનો સંપર્ક કર્યો હતો.

# સાયચા ગેંગની મિલકતો પર પોલીસે બુલડોઝર ફેરવ્યું

### છ મિલકતો પર બુલડોઝર ફેરવાયું, સરકારી કરોડોની ૫૫ હજાર વર્ગ ફૂટ જમીનને ખુલ્લી કરાવવા કાર્યવાહી

। (એજન્સી) જામનગર, તા.૧૮ ।

જામનગરના એડવોકેટની હત્યા નીપજાવવાનો જેના પર આરોપ લગાવાયો છે, તે સાયચા ગેંગ હત્યાની ઘટનાને અંજામ આપી ભાગી છુટ્યા પછી તેઓની મિલકતોને નેસ્ત નાબૂદ કરી દેવા માટે પોલીસ તંત્રએ કમર કસી છે, અને જિલ્લા પોલીસવડા આજે વહેલી સવારથી મેદાનમાં આવી ગયા છે, અને સાયચા ગેંગના સમગ્ર સામ્રાજ્યને નેસ્ત નાબૂદ કરી દેવાના ભાગરૂપે બેડી વિસ્તારમાં આજે મેગા ડિમોલેશન હાથ ધર્યું છે. અગાઉ ત્રણ બંગલા જમીનદોસ્ત કર્યા પછી આજે સાયચા ગેંગની વધુ છ મિલકતો પર બુલડોઝર ફેરવી દેવાયું છે, અને સરકારી કરોડો રૂપિયાની કિંમતી ગણાતી ૫૫ હજાર વર્ગ ફૂટ જમીનને ખુલ્લી કરાવવા માટેની કાર્યવાહી હાથ ધરાઈ છે. જેને લઈને બેડી વિસ્તારમાં ભારે હલચલ મચી ગઈ છે.

જામનગરના પચવટી વિસ્તારમાં રહેતી એક શિક્ષિકાને આત્મહત્યાની ફરજ પાડવા માટેનો સૌપ્રથમ સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં સાયચા ગેંગના બે શખસો સામે ફરિયાદ નોંધાઈ હતી. જે કેસમાં પોલીસે બંનેની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા, ત્યારબાદ અદાલતમાં જામીન અરજીની સુનાવણી વખતે અદાલતી તારીખમાં શિક્ષિકા આપઘાત કેસના ફરિયાદી બનેલા મૃતકના ભાઈ અને તેના વતી કેસ લડતા વકીલ હારૂન પલેજા કે જેને અદાલતમાં ધાકધમકી અપાઈ હતી. જે અંગેનો બીજો ગુનો પણ પોલીસમાં નોંધાવાયો હતો. ત્યારબાદ સમગ્ર ઘટનાનું મનદુઃખ રાખીને સાયચા ગેંગના સાગરીતો એ મળીને તાજેતરમાં જામનગરના એડવોકેટ હારુન પલેજાની સરા જાહેર હત્યા કરવામાં આવી હતી. જે બનાવના સંદર્ભમાં પોલીસે સાયચા ગેંગના ૧૫ સભ્ય સામે ગુનો નોંધ્યો છે, અને હાલ આરોપીઓ ભાગી છૂટ્યા હોવાથી તમામની શોધખોળ ચલી રહી છે. રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીના ગુન્હેગારોને ડામી દેવાના આહવાન બાદ જામનગરમાં કોઈ પણ પ્રકારની ગેંગવોર રહે નહીં, અને આવા ગેંગના સભ્યોને નેસ્ત નાબૂદ કરવા માટેની જિલ્લા પોલીસવડાને ખાસ સુચના અપાઈ હતી. જેના અનુસંધાને એસ.પી. પ્રેમસુખ ડેલૂ સમગ્ર પ્રકરણ મામલે એક્શનમાં આવી ગયા છે, અને ગેંગવોર ખતમ કરી દેવાના ભાગરૂપે આજે વહેલી સવારથી બેડી વિસ્તારમાં મેગા ડિમોલેસન હાથ ધર્યુ હતું.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨